સુવિચાર

ભુલોએ જીવનનો અહમ હિસ્સો છે, તેને સ્વિકાર કરવાનું સાહસ ખૂબ જ ઓછા લોકોમાં હોય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




બાલાજી હોલ પાસે ખીજડાવાળા રોડ પર પરપ્રાંતિય યુવાનની હત્યા P-4

Year-16, Issue-99 ■ DATE : 01-08-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સરકારને ટોલટેક્ષ પેટે દરરોજ અધધ... ૧૬૮ કરોડની કમાણી

**નેશનલ હાઇવેને ટોલ ફ્રી કરવાની કોઇ યોજના નથીઃ નિશ્ચિત સમયગાળા પછી કંપનીને બદલે સરકાર ટોલ વસૂલી કરે છેઃ કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સંસદમાં માહિતી આપી**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી દ્વારા સંસદમાં આપવામાં આવેલી માહિતી મુજબ દેશભરના ટોલ પ્લાઝા પર દૈનિક ૧૬૮ કરોડ રૂપિયાની કમાણી થઈ રહી છે. કેન્દ્ર સરકારે એ પણ સ્પષ્ટતા કરી છે કે ખાનગી પ્રોજેક્ટ મુજબ ટોલનો સમયગાળો અને દર નિતિ હોય છે.

દેશમાં ટોલ પ્લાઝા અને સરકારી આવકઃ જૂન ૨૦૨૫ સુધી કુલ ટોલ પ્લાઝા ૧,૦૮૭ દૈનિક ટોલ આવકઃ ૧૬૮.૨૪ કરોડ રૂપિય ૨૦૨૪-૨૫માં કુલ ટોલ આવકઃ ૬૧,૪૦૮.૧૫ કરોડ રૂપિયા જાહેર ભંડોળથી ચાલતા પ્લાઝાઃ ૨૮,૮૨૩.૭૪ કરોડ રૂપિયા ખાનગી ઓપરેટરો દ્વારા સંચાલિત પ્લાઝાઃ ૩૨,૫૮૪.૪૧ કરોડ રૂપિયા સરકારે કહ્યું છે કે, નેશનલ હાઈવેને ટોલ-ફ્રી કરવા માટેની કોઈ યોજના નથી. વસૂલીથી મળેલ નાણાં સેન્ટ્રલ કોન્સોલિડેટેડ ફંડમાં જાય છે અને તે જ નાણાંથી નવા રસ્તાઓ બનાવવામાં અને રિપેરિંગ કરવામાં આવે છે. બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર હેઠળ પ્રોજેક્ટમાં નિર્ધારીત સમયગાળા બાદ ટોલ સરકારને સોંપી દેવામાં આવે છે, પછી સરકાર જ વસૂલી કરે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (એપ્રિલ-જૂન ૨૦૨૫) ફાસ્ટેગ દ્વારા ટોલ વસૂલાત રૂપિયા ૨૦,૬૮૧.૮૭ કરોડ થઈ હતી, જે પાછલા વર્ષના સમાન સમયગાળા કરતાં ૧૯.૬% નો વધારો દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ટોલ કલેક્શન રૂપિયા ૬૪,૮૦૯.૮૬ કરોડ રહ્યું હતું, જે પાછલા વર્ષની સરખામણીમાં ૩૫% નો વધારો દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ (એપ્રિલથી ફેબ્રુઆરી સુધી)માં ટોલ કલેક્શનના આંકડા સંસદમાં રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં ઉત્તર પ્રદેશ રૂપિયા ૭,૦૬૦ કરોડની આવક સાથે ટોચ પર રહ્યું હતું. ત્યારબાદ રાજસ્થાન અને મહારાષ્ટ્રનો ક્રમ હતો.

સરકારે જણાવ્યું કે રાષ્ટ્રીય રાજમાર્ગોને ટોલ-ફ્રી કરવાની કોઈ યોજના નથી. ટોલથી મળતી આવક કેન્દ્રીય સંયુક્ત નિધિમાં જમા થાય છે, જેનો ઉપયોગ નવી રસ્તાઓના નિર્માણ અને જાળવણીમાં થાય છે.

સડક નિર્માણની દૈનિક ખર્ચ ભૂ-ભાગ, માટી, ઊંચાઈ, પુલ, સામગ્રી અને ટ્રાફિક ભાર જેવા પરિબળો પર નિર્ભર છે. સરકારે એક આઇટી ટૂલ બનાવ્યો છે જે ટેકનિકલ ઇનપુટ્સથી અંદાજિત ખર્ચ નક્કી કરે છે.

નાગરિકો પાસેથી ખર્ચ ટોલ (યુઝર ફી) અને પેટ્રોલ-ડીઝલ પર લાગતો સેસ (સીઆઈઆરએફમાં જમા) દ્વારા વસૂલવામાં આવે છે, જે રાજમાર્ગો, રેલવે ક્રોસિંગ, ગ્રામીણ રસ્તાઓ અને એરપોર્ટના વિકાસમાં ખર્ચાય છે.

સરકાર ટોલ વસૂલીને સડકની ખર્ચ પ્રાપ્તિ સાથે જોડતી નથી, પરંતુ તેને ઉપયોગ શુલ્ક માને છે, જેનો ઉપયોગ દેશના રસ્તાઓના વિકાસ માટે થાય છે. ૧૬૮ કરોડ રૂપિયાની દૈનિક કમાણીથી સડક નેટવર્કને મજબૂત કરવાની યોજના છે, જોકે ટોલ-ફ્રી રસ્તાઓની શક્યતા હાલ નકારી કાઢવામાં આવી છે.

# ટેરિફ બોમ્બથી ભારતની અર્થવ્યવસ્થાને આંચ નહીં આવે

## જીડીપીને માત્ર ૦.૨ ટકા ઝટકો લાગવાની સંભાવના




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકા દ્વારા લાગુ થઈ રહેલા ૨૫ ટકા રીસિપ્રોકલ ટેરીફથી ભારતની અર્થ વ્યવસ્થાને આંચ આવશે. પરંતુ વિશેષજ્ઞોનું કહેવુ છે કે જીડીપીને માત્ર ૦.૨ થી ૦.૩ ટકા જ ઝટકો લાગવાનું રિસ્ક છે.

બીજી બાજુ ટેકસ ટાઈલથી માંડીને સેકટરોનાં લોકો નિકાસ પર મોટી અસર પડવાનો ભય દર્શાવી રહ્યા છે.નિકાસકારોનું કહેવુ છે કે રશીયાનું તેલ ખરીદવા પર પેનલ્ટીનું પિકચર સ્પષ્ટ ન થવાથી અમેરીકી આયાતકારો ઓર્ડર હોલ્ડ કરવા લાગ્યા છે.

સક્ષમ વેલ્થ ડાયરેકટર સમીર રસ્તોગીએ કહ્યું હતું. ઈન્ડીયન ઈકોનોમી નિકાસ આધારીત નથી. જીડીપીનાં લેવલ પર અમેરીકાને નિકાસ બે ટકાની નજીક જ છે. તેમાં કોઈ કમી પણ હોય તો પણ જીડીપી પર મામુલી અસર થશે. ટ્રમ્પની પ્રેસર પોલીટીકસે વ્યાપાર પર વાતચીત વ્યવસ્થિત હેન્ડલ કરવી પડશે.

બેન્ક ઓફ બરોડાનાં ચીફ ઈકોનોમીસ્ટ મદન સબનવીસે કહ્યું હતું. જયારે ૨૬ ટકા રેસીપ્રોકલ ટેરીફની જાહેરાત થઈ હતી ત્યારે અમે જીડીપી પર ૦.૨ ટકા આંચ આવવાનું અનુમાન કર્યું હતું. અમે તેના પર કાયમ છીએ.

એટલે અમે જીડીપી ગ્રોથ માટે ૬.૪ કે ૬.૬ ટકાનું અનુમાન લગાવ્યુ હતું. જેમાં નીચલુ સ્તર ટેરીફ રેટ લગાવવા સાથે જોડાયેલુ હતું મેટ્રો લેવલ પર વધુ અસર નહિં પડે.કારણ કે દેશની પ્રથમ ગ્રોથ સ્ટોરી દમદાર બનેલી છે.

સબનવીએ કહ્યું હતુંચ કે ગાર્મેન્ટસ રત્ન-આભુષણ, ઓટો પાર્ટસ, ચામડુ જેવા અમેરિકાને નિકાસ કરનારા સેકટરોએ તેમની રણનીતિ નવેસરથી બનાવવી પડશે.

ઈલેકટ્રોનિકસ પર હજુ સ્થિત સ્પષ્ટ નથી. અસલ મામલે એ છે કે વિયેતનામ પર ૨૦ ટકા, કોરીયા પર ૧૫ ટકા અને ઈન્ડોનેશીયા પર ૧૯ ટકા ઓછો ટેરીફ છે અને આ બધા દેશો ભારતના મુખ્ય હરીફો છે.

નિકાસકારોનાં સંગઠન એફઆઈઈઓનાં પ્રેસીડેન્ટ એસ.સી, રલ્હને જણાવ્યું હતું કે અમને માહીતી મળી રહી છે કે અમેરીકી ખરીદનારાઓ ઓર્ડર કેન્સલ કરી રહ્યા છે.આ આપણા માટે ચિંતાની વાત છે.એફઆઈઈઓના ડીજી ડો.અજય સહાયે જણાવ્યું હતું કે પેનલ્ટીની સ્થિતિ સ્પષ્ટ નહિં થવાથી અનિશ્ચિતતાની સ્થિતિ છે.

અમેરીકી આયાતકાર અને ભારતીય નિકાસકાર બન્ને માટે લેન્ડીંગ કોસ્ટ અને બીજી વસ્તુઓનું આકલન કરવુ મુશ્કેલ બનશે.સબનવીસે કહ્યું હતું. એમએસએમઈ માટે મુશ્કેલી ઉભી થઈ શકે છે. તેને મદદ કરવાની જરૂર પડી શકે છે.

# ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીનો કાર્યક્રમ જાહેરઃ ૨૧ ઓગસ્ટ સુધી ઉમેદવારી, ૯ સપ્ટેમ્બરે મતદાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચૂંટણી પંચે ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ૨૧મી ઓગસ્ટ સુધી ઉમેદવારી ફૉર્મ સ્વીકારવામાં આવશે અને જો જરૂર પડી તો ૯ સપ્ટેમ્બરે મતદાન થશે. મતદાનનો સમય સવારે ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધીનો રહેશે. ૯મી સપ્ટેમ્બરે જ પરિણામ પણ જાહેર કરાશે. ૨૧ જુલાઈના રોજ જગદીપ ધનખડના અચાનક રાજીનામા બાદ દેશના બીજુ સર્વોચ્ચ બંધારણીય પદ ખાલી થયુ હતું.

ચૂંટણી પંચ દ્વારા જાહેર નોટિફિકેશન અનુસાર, સાત ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ચૂંટણી પંચ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે નોટિફિકેશન જાહેર કરશે. જેમાં ૨૧ ઓગસ્ટ સુધી ઉમેદવારી નોંધાવાની રહેશે. ત્યારબાદ ૨૨ ઓગસ્ટે ઉમેદવારીમાં ફેરફાર થઈ શકશે. ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ ૨૫ ઓગસ્ટ નિર્ધારિત કરવામાં આવી છે. ૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦થી સાંજે પાંચ વાગ્યા સુધી ચૂંટણી યોજાશે. અને પરિણામ પણ ચૂંટણી પૂર્ણ થયા બાદ તુરંત જાહેર કરવામાં આવશે.




જગદીપ ધનખડે સ્વાસ્થ્યનું કારણ જણાવી ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપ્યું હતું. જોકે, તેમનો આ નિર્ણય ચોંકાવનારો હતો. કારણ કે, તેઓ પોતાના ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન અનેક વિપક્ષી પાર્ટીઓ સાથે વિવાદના કારણે ચર્ચામાં રહ્યા હતા. ચાલુ કાર્યકાળ દરમિયાન રાજીનામું આપનારા ધનખડ ત્રીજા ઉપરાષ્ટ્રપતિ છે. આ પહેલાં ફક્ત વી. પી ગીરી અને આર. વેંકટરમણે ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપી દીધુ હતું.

# રાજકીય પક્ષપલ્ટો લોકશાહી માટે ખતરાની ઘંટીઃ સુપ્રિમ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષ-પલટો કે પાટલી બદલું પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા બીઆર ગવાઈએ જણાવ્યું કે આ પ્રથા દેશભરમાં ચર્ચાનો વિષય બની છે, અને જો તેને સમયસર રોકાશે નહીં, તો તે લોકશાહીની મૂળોને હલાવી શકે છે.

તેમણે સંસદમાં રાજેશ પાયલટ અને દેવેન્દ્રનાથ મુનશી જેવા નેતાઓના ભાષણોનો હવાલો આપીને કહ્યું કે ધારાસભ્ય કે સાંસદની અયોગ્યતા નિર્ણય સ્પીકરને સોંપવામાં આવ્યો છે, જેથી અદાલતોમાં વિલંબ ટાળીને ઝડપથી ન્યાય મળે.

જસ્ટિસ ગવાઈએ નિર્ણયમાં કહ્યું, પક્ષ-પલટો દેશની રાજકીય ચર્ચાનો મુખ્ય વિષય રહ્યો છે. જો આ પ્રથા ચાલુ રહેશે, તો તે લોકશાહીને નબળી પાડી શકે છે. અમે રાજેશ પાયલટ અને દેવેન્દ્રનાથ મુનશીના સંસદીય ભાષણોનો ઉલ્લેખ કર્યો છે.

અયોગ્યતાનો નિર્ણય સ્પીકરને આપવાનો હેતુ અદાલતોમાં લાંબા સમયના વિલંબથી બચવાનો હતો. તેમણે કિહોતો હોલોહન નિર્ણયનો પણ હવાલો આપીને જણાવ્યું કે અનુચ્છેદ ૧૩૬ અને ૨૨૬/૨૨૭ હેઠળ ન્યાયિક સમીક્ષાની મર્યાદા મર્યાદિત છે.

કોર્ટે જણાવ્યું કે સામેની બાજુએ દલીલ કરાઈ હતી કે આર્ટિકલ ૧૩૬ અને ૨૨૬/૨૨૭ હેઠળ સ્પીકરના નિર્ણયો પર ન્યાયિક સમીક્ષા મર્યાદિત છે, અને મામલો મોટી બેન્ચ પાસે લંબિત છે, તેથી સુનાવણી શક્ય નથી. જોકે, દસ બીઆરએસ ધારા-સભ્યોએ કોંગ્રેસમાં જોડાયા બાદ સ્પીકરે સાત મહિના સુધી નોટિસ જારી ન કરી, જે ત્યારે થયું જ્યારે કોર્ટે મામલે દખલ કર્યો.

ચીફ જસ્ટીસ બીઆર ગવાઈની આ ચેતાવણીથી પક્ષ-પલટો કે પાટલી બદલું જેવી પ્રથાઓ પર નજર રાખવાની જરૂરિયાત સ્પષ્ટ થાય છે. સ્પીકરની જવાબદારીને મજબૂત કરીને ઝડપી નિર્ણયો લેવાની અપેક્ષા છે, જે લોકશાહીને સુરક્ષિત કરવામાં મદદ કરી શકે છે.

# કોમર્શીયલ રાંધણગેસની કિંમતમાં રૂ.૩૩.૫૦નો ઘટાડો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

તહેવારો ઉત્સવોનો મહિનો શરૂ થયો છે. ત્યારે સામાન્ય લોકોને રાહત મળી હોયે તેમ કોમર્શીયલ રાંધણગેસની કિંમતમાં રૂા.૩૩.૫૦ નો ઘટાડો કરવામાં આવ્યો છે.

સતત પાંચમા મહિને રાંધણગેસના ભાવ ઘટાડવામાં આવ્યા છે. જોકે સબસીડીયુકત એલપીજીની કિંમતમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો છે. આજે ઓગસ્ટ મહિનાનાં પ્રારંભે જ ગેસ પેટ્રોલીયમ કંપનીઓ દ્વારા ૧૯ કિલોનો કોમર્સીયલ રાંધણગેસની કિંમતમાં રૂા.૩૩.૫૦ થી ૩૪.૫૦ ના ભાવ ઘટાડાની જાહેરાત કરવામાં આવી હતી.

પાટનગર દિલ્હીમાં રાંધણગેસ સીલીન્ડરનો ભાવ રૂા.૩૩.૫૦ ઘટીને ૧૬૩૧.૫૦ થયો છે. કોલકતામાં ૩૪.૫૦ ઘટીને ૧૭૩૪.૫૦ થયો છે. મુંબઈમાં ૭૪ રૂપિયા ઘટીને ૧૫૮૨.૫૦ થયો છે.

પેટ્રોલીયમ કંપનીઓએ સળંગ પાંચમા મહિને ભાવ ઘટાડો કર્યો છે. જોકે સબસીડીવાળા રાંધણગેસ સિલીન્ડરના ભાવમાં એપ્રિલ પછી કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી.

# ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસમાં પણ મેઘરાજા દેશવાસીઓને ભીંજવશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં મેઘરાજાએ પ્રથમ રાઉન્ડમાં ધમાકેદાર બેટિંગ કર્યા બાદ હવે સિઝનના બીજા ભાગમાં પણ આ જ ફોર્મ જાળવી રાખે તેવો અંદાજ હવામાન વિભાગને છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)ના મતે ચોમાસાનો બીજો તબક્કો (ઓગસ્ટ અને સપ્ટેમ્બર) પણ દેશવાસીઓને ભીંજવશે અને સરેરાશ કરતા વધુ વરસાદ પડે તેવી સંભાવના છે. ઓગસ્ટમાં પૂર્વોત્તર અને તેની આસપાસના ક્ષેત્રોને બાકાત કરતા દેશના અન્ય ભાગોમાં સરેરાશ વરસાદ નોંધાશે તેમ આઈએમડીના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મોહાપાત્રાએ જણાવ્યું હતું. સપ્ટેમ્બરમાં પણ વરસાદ સરેરાશથી વધુ રહેવાનો અંદાજ છે. દેશમાં નૈઋત્યના ચોમાસાનું અપેક્ષા કરતા વહેલું આગમન થયું હતું અને અત્યાર સુધીમાં (જૂન અને જુલાઈ) દેશમાં સરેરાશથી વધુ વરસાદ નોંધાયો છે.

દક્ષિણ પમિના ચોમાસાની સિઝન દરમિયાન દેશમાં ઓગસ્ટ અને સપ્ટેમ્બરના મહિનાઓમાં સરેરાશથી વધુ (૪૨૨.૮ મીમીના લાંબા ગાળાના સરેરાશના ૧૦૬ ટકા) વરસાદ પડવાની શક્યતા છે. દેશના કેટલાક ક્ષેત્રો સિવાય મોટાભાગના વિસ્તારોમાં સરેરાશ કે તેથી વધુ વરસાદ પડવાની સંભાવના રહેલી હોવાનું મોહાપાત્રાએ ઉમેર્યું હતું. હવામાન વિભાગના અંદાજ મુજબ આગામી બે સપ્તાહમાં ઓછો વરસાદ રહી શકે છે. જો કે આ ગાળાને વરસાદના વિરામનો તબક્કા તરીકે ના જોવો જોઈએ. આઈએમડીના મતે ૧ જૂનથી ૩૧ જુલાઈ સુધીમાં દેશમાં ૪૭૪.૩ મીમી વરસાદ નોંધાયો હતો જે ૪૪૫.૮ મીમીની સરેરાશ કરતા ૬ ટકાનો વધારો દર્શાવે છે. દેશમાં ૬૨૫ અતિ ભારે વરસાદની ઘટના નોંધાઈ તથા ૭૬ પુષ્કળ ભારે વરસાદની ઘટનાઓ ઘટી જે વિતેલા પાંચ વર્ષમાં સૌથી નીચા આંકડા છે.

જુલાઈમાં મેડન-જુલિયન ઓસિલેશન (એમજેઓ)ની અનુકૂળ સ્થિતિ રહેતા તેમજ ૨૮ દિવસ સુધી છ જેટલી હળવા દબાણની સિસ્ટમ સક્રિય રહી હોવાથી સારો વરસાદ પડ્યો હતો. આ પૈકી ચાર સિસ્ટમ ડિપ્રેશનમાં પરિવર્તીત થઈ હતી. પમિ બંગાળમાં ઉત્તરની ખાડીથી રાજસ્થાન સુધી જમીન માર્ગે ત્રણ સિસ્ટમ્સ સક્રિય રહી હતી અને તેને પગલે અતિ ભારે વરસાદ નોંધાયો હતો. હાલમાં એન્સો-ન્યુટ્રલ સ્થિતિ પ્રવર્તેલી છે જે ઓક્ટોબર સુધી યથાવત્? રહેશે. ચોમાસા બાદ લાનિનાની સ્થિતિ નિર્માણ પામશે તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું.

# ૧૯ કરોડના ડિજિટલ એરેસ્ટ કાંડમાં રાજકોટના બે શખ્સોને ઉપાડી લેવાયા

## ગાંધીનગર સાયબર ક્રાઇમની ટીમ અને શહેર એસઓજીની સયુંકત કામગીરીઃ રાજકોટના શખ્સોના એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર થયાં તા, અન્ય સાયબર ફ્રોડના ગુનામાં પણ સંડોવણી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતની સૌથી ડિજિટલ એરેસ્ટ ગુનામાં રાજકોટના બે શખ્સોને પોલીસે ઝડપી લઈ તપાસ આદરી છે. ગાંધીનગરની મહિલા તબીબને ડિજિટલ એરેસ્ટ કરી સાયબર માફિયાઓએ ૧૯ કરોડથી વધુની રકમ પડાવી હતી. જે મામલે ગાંધીનગર સાયબર ક્રાઇમની ટીમે તપાસ હાથ ધરતાં તેનું પગેરું રાજકોટ સુધી પહોંચ્યું હતું.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ એસઓજીની ટીમે ગાંધીનગર સાયબર ક્રાઇમને સાથે રાખી અંબિકા ટાઉનશીપમાં રહેતા નિલેશ જમન રાંક નામના શખ્સને દબોચી લીધો હતો. અને ગાંધીનગરની ટીમ તેને લઈ રવાના થઈ ગઈ હતી. ઉપરાંત નાજ નામના શખ્સને પણ દબોચી લીધો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

ગાંધીનગરમાં મહિલા તબીબને ડિજિટલ અરેસ્ટ કરી રૂપિયા ૧૯ કરોડથી વધુની રકમ સાયબર માફિયાઓએ પડાવી લીધી હતી. જે મામલે ગાંધીનગર સાયબર ક્રાઇમની ટીમે તપાસ હાથ ધરતા તેનું પગેરું રાજકોટ નીકળતા આરોપીને પકડ્યો હતો. તેમ જ આરોપીના બેન્ક એકાઉન્ટમાં તે રૂપિયા ટ્રાન્સફર થયાનો પણ ઘટસ્ફોટ થયો હતો. હાલ પોલીસે તેની સઘન પૂછપરછ હાથ ધરી હતી અને વધુ સાયબર ગુનામાં પણ તેની સંડવણી હોવાની પૂરેપૂરી શક્યતા દર્શાવાય રહી છે.

# ઓગસ્ટ મહિનામાં રજા... રજા જ...

## સ્વતંત્રતા પર્વથી લઈને કૃષ્ણ જન્મ પર્વ, ગણેશ ચતુર્થી સુધીની ઉજવણી કરાશે




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ઓગસ્ટ ૨૦૨૫ મહિનો તહેવારો અને રજાઓથી ભરપૂર રહેવાનો છે. દેશભરની બેંકોમાં કુલ ૧૫ દિવસની રજાઓ રહેશે, જેમાં રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી જેવા મોટા તહેવારો તેમજ શનિવાર-રવિવારની રજાઓનો સમાવેશ થાય છે.

જો તમારે વર્ષના આઠમા મહિનામાં બેંક સંબંધિત કે અન્ય કોઈ મહત્વપૂર્ણ કામ પતાવવાના છે, તો તેને ઝડપથી પૂર્ણ કરી લેવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે આ મહિનામાં દેશ સ્વતંત્રતા પર્વથી લઈને કૃષ્ણ જન્મ પર્વ સુધીની ઉજવણી કરશે.

વર્ષ ૨૦૨૫ નો આ ઓગસ્ટ મહિનો ઘણા મોટા તહેવારોની ઉજવણી લઈને આવશે. ભાઈ-બહેનના પવિત્ર પર્વ રક્ષાબંધનથી લઈને ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમી સુધીના પર્વો આ માસમાં ઉજવાશે. આ ઉપરાંત, ગણેશ ચતુર્થી પણ ઓગસ્ટમાં જ છે. મુખ્ય તહેવારોને કારણે ઓગસ્ટ મહિનામાં ૮ દિવસની રજાઓ રહેશે.

તહેવારોની રજાઓ ઉપરાંત, ઓગસ્ટ મહિનામાં ઘણી સાપ્તાહિક રજાઓ પણ છે, જ્યારે બેંકો બંધ રહેશે. પ્રથમ સાપ્તાહિક રજા ૩ ઓગસ્ટ, રવિવારના રોજ રહેશે. ત્યારબાદ, ૧૦ ઓગસ્ટના રોજ ફરી રવિવારના કારણે રજા રહેશે.

આ પછી, ૨૩ ઓગસ્ટે ચોથા શનિવારના કારણે અને ૨૪ ઓગસ્ટે રવિવારના કારણે બેંકો સતત બે દિવસ બંધ રહેશે. મહિનાની છેલ્લી સાપ્તાહિક રજા ૩૧ ઓગસ્ટ, રવિવારના રોજ રહેશે.

૯ ઓગસ્ટ શનિવાર ના રોજ રક્ષાબંધન / ઝુલાના પૂર્ણિમા હોવાથી રજા રહેશે અને બીજા દિવસે રવિવાર ની રજા મળશે. ૧૫ ઓગસ્ટ શુક્રવાર સ્વતંત્રતા દિવસ, પારસી નવું વર્ષ (શહેનશાહી)અને ૧૬ ઓગસ્ટ શનિવાર જન્માષ્ટમી / કૃષ્ણ જયંતિ અને ત્યારબાદ રવિવાર હોવાથી એક સાથે ત્રણ દિવસની રજા મળશે.

# ધ્રોલમાં દારૂ-બિયરની ૫૦૪ પેટી સહિત સવા કરોડનો મુદામાલ જપ્ત




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પંથકમાં દારૂની રેલમછેલ જોવા મળી રહી છે, તાજેતરના દરોડા બાદ જામનગર એલસીબીએ સપાટો બોલાવ્યો છે, ધ્રોલ તાલુકાના ધરમપુર સીમમાં એક વાડીમાં ચાલતા દારૂ-બિયરના કટીંગ વખતે દરોડો પાડીને અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૪૬૪૮ બોટલ, બિયરના ૨૭૬૦ ટીન મળી કુલ ૫૦૪ પેટી તેમજ ૭ વાહનો, ૩ મોબાઈલ મળી કુલ ૧.૨૮ કરોડનો મુદામાલ કબ્જે કરી જામનગરના બે શખ્સોની અટકાયત કરવામાં આવી હતી તપાસ દરમ્યાન વાડી માલીક, જથ્થો મંગાવનાર, લેનાર તેમજ વાહનોના ચાલક સહિત ૧૨ને ફરાર જાહેર કરવામાં આવ્યા છે.રેન્જ આઈજી અશોકકુમાર યાદવ તથા જામનગર જીલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ જામનગર જીલ્લામાંથી દારૂ, જુગારની બદી નેસ્ત નાબુદ કરવા તથા જુગારધારાના કેસો શોધી કાઢવા સુચના કરેલ જેથી એલસીબી પીઆઇ લગારીયાના માર્ગદર્શન મુજબ પીએસઆઇ મોરી તથા પીએસઆઇ કાંટેલીયા તથા સ્ટાફના માણસો ગ્રામ્ય વિસ્તારમાં તથા ધ્રોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન સ્ટાફના દિલીપભાઇ તલાવડીયા, કાસમભાઇ બ્લોચ, યુવરાજસિંહ ઝાલા, મયુરસિંહ પરમાર, રૂષીરાજસિંહ વાળાને મળેલ ખાનગી હકીકત આધારે ધ્રોલ તાલુકાના ધરમપુરની સીમમાં અજય ધીરૂભાઇ રાઠોડની વાડીમાં ચાલતા દારૂના કટીંગ પર રેઇડ કરી ચેતન હરજી પરમાર રહે.ગુલાબનગરની દયાનંદ સોસાયટી, રાહુલ પાન પાસે, જામનગર તથા સંજય કારા આસુન્દ્રા રહે. ધુંવાવનાકા, કોળી વાસ, જામનગરને પકડી પાડયા હતા.આરોપીઓના કબ્જામાંથી અલગ અલગ બ્રાન્ડનો ઈંગ્લીશ દારૂની બોટલ નંગ ૪૬૬૮ કિ. ૬૨.૬૮.૮૦૦, બીયરના ટીન ૨૭૬૦ કિ. ૬.૦૭.૨૦૦ તથા સાત વાહન કિ. ૬૦.૦૦.૦૦, ૩ મોબાઇલ કિ. ૧૫ હજાર મળી કુલ ૧.૨૮.૯૧.૦૦૦ના મુદામાલ સાથે આરોપીઓને પકડી પાડી પો.હેડ કોન્સ ક્રિપાલસિંહ જાડેજાએ ફરીયાદ રીપોર્ટ આપતા કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ દારૂના જથ્થામાં સંડોવાયેલા આરોપીઓમાં ધ્રોલ ધરમપુરના વાડી માલીક અજય ધીરૂ રાઠોડ, જથ્થો મંગાવનાર ભોઇવાડા કોળીવાસ જામનગરના આકાશ કોળી, જામનગરના મોસીન મુસ્લીમ, જામનગરના મહમદ ઇકબાલ ઉર્ફે ટકી, દારૂનો જથ્થો લેનાર જામનગર ભોઇવાડા કોળીવાસના પુષ્પા, લાલવાડીના શની કોળી, જામનગરનો બંટી મુસ્લીમ-કરીમ, વોકસવેગ વેન્ટો કાર નં. જીજે૬ઇએચ-૮૨૦૫નો ચાલક તથા દારૂનો જથ્થો લેનાર જામનગરનો લાખા કોળી, તેમજ ટીસી ટ્રક નં. એનએલ૦૧કે-૯૦૦૫નો ચાલક, બોલેરો પિકઅપ નં. જીજે૧૦ટીવી-૨૦૧૦નો ચાલક, બોલેરો મેકસ નં.જીજે૧૦ટીવાય-૧૩૧૪નો ચાલક અને અશોક લેલન બડા દોસ્ત નં. જીજે૧૦ટીવાય-૨૯૫૪નો ચાલકનો સમાવેશ થાય છે. એલસીબીની ટીમ દ્વારા ધ્રોલ પંથકમાં ફરી એકવાર વિદેશી દારૂનો જથ્થો પકડી પાડવામાં સફળતા મેળવી છે એલસીબીના સપાટાથી ચકચારમ મચી છે, ઉપરોકત ૧૨ સંડોવાયેલા શખ્સોને પકડવા માટે તપાસ-તજવીજ ચલાવવામાં આવી રહી છે.

# ગીર સોમનાથ જિલ્લાના પુલ, રોડ-રસ્તા અને ઈમારતની સ્થિતિ અંગે સમીક્ષા કરતાં પ્રભારી મંત્રી પરસોત્તમભાઈ સોલંકી

## જર્જરિત શૈક્ષણિક ઈમારતોના દુરસ્તીકરણ અને રસ્તાની મરામત પર સવિશેષ ભાર આપતા પ્રભારી મંત્રી




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં ક્ષતિગ્રસ્ત રોડ રસ્તાઓના સમારકામનું સતત મોનિટરિંગ કરી યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે.

જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં આવેલા પુલ, રોડ-રસ્તા અને ઈમારતની સ્થિતિ અંગે ઉના પ્રાંત કચેરી ખાતે પ્રભારી મંત્રી પરસોત્તમભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ સમીક્ષા બેઠકમાં મંત્રીએ જિલ્લામાં કરવામાં આવેલા કાર્ય અંગે વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ પાસેથી વિવિધ રોડ-રસ્તા અને ઈમારતની સ્થિતિ અંગે વિગતવાર ચિતાર મેળવ્યો હતો.

વધુમાં મંત્રીએ મહત્વપૂર્ણ ચર્ચા કરી જિલ્લાના મુખ્યમાર્ગો અને પુલોનું નિરીક્ષણ કરી સમારકામને પ્રાથમિકતા આપવા સહિત જર્જરિત શૈક્ષણિક ઈમારતોના દુરસ્તીકરણ, બાળકો પ્રત્યે સવિશેષ કાળજી રાખી શાળ-ામાં વિદ્યાર્થીઓની સગવડતાઓ અને રસ્તાની મરામત પર સવિશેષ ભાર મૂક્યો હતો.

# રાજકોટ-જામનગર રોડ પર સાંઢિયાપુલની કામગીરી દરમિયાન ટેકા ખસી જતા સ્લેબ નમી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-જામનગર હાઈવે પર આવેલ સાંઢિયા પુલના નિર્માણકાર્યમાં ૩૧ જુલાઈએ મોટી દુર્ઘટના થતા થતા અટકી ગઈ હતી. રૂ. ૭૪ કરોડના ખર્ચે બની રહેલા આ બ્રિજના નિર્માણ દરમિયાન, તેના ટેકા એકાએક ખસી જતાં એક સ્લેબ એક બાજુ નમી ગયો હતો. આ ઘટનાને કારણે પુલના એક ભાગમાં લગભગ અઢી ફૂટ જેટલું ગાબડું પડ્યું હતું. સદનસીબે આ ઘટના સમયે કોઈ મજૂર કે વાહનચાલક ત્યાં હાજર ન હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આ ઘટનાએ નિર્માણકાર્યની ગુણવત્તા અને સલામતી પર સવાલો ઊભા કર્યા છે. આ ઘટનાની જાણ થતાં જ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ-જામનગર હાઈવે પર વાહનવ્યવહારને વધુ સુગમ બનાવવા માટે સાંઢિયા પુલના નવીનીકરણનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. જૂના પુલને ડિસમેન્ટલ કરીને નવા પુલનું નિર્માણ થઈ રહ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ ટ્રાફિકની સમસ્યા હળવી કરવાનો છે. ગઈકાલે( ૧ ઓગસ્ટે) બપોરના સમયે,




જ્યારે પુલના એક સ્લેબને બેસાડવાની કામગીરી ચાલી રહી હતી, તે સમયે સ્લેબને ટેકો આપવા માટે લગાવવામાં આવેલા ત્રાપા (ટેમ્પરરી સપોર્ટ સ્ટ્રક્ચર) અચાનક ખસી ગયા હતા. આ ટેકા ખસી જતાં સ્લેબ તરત જ એક તરફ નમી ગયો અને તેના કારણે છતમાં એક મોટું ગાબડું પડી ગયું હતું.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ ઘટના બાદ પુલના નિર્માણ સ્થળ પર ભયનું વાતાવરણ છવાઈ ગયું હતું. મજૂરો અને અન્ય કર્મચારીઓ ઘટનાસ્થળેથી દૂર દોડી ગયા હતા. જોકે, થોડા સમય બાદ જ્યારે પરિસ્થિતિ નિયંત્રણમાં આવી ત્યારે આ ઘટનામાં કોઈને ઈજા ન થઈ હોવાની પુષ્ટિ થઈ હતી. ઘટનાની જાણ થતાં સંબંધિત અધિકારીઓ, કોન્ટ્રાક્ટર કંપનીના ઈજનેરો અને અન્ય પદાધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. અને સમગ્ર પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યા બાદ તાત્કાલિક અસરથી બ્રિજના ક્ષતિગ્રસ્ત ભાગને સુધારવા કામગીરી શરૂ કરી હતી.બ્રિજની ૬૫ ટકા કામગીરી પૂર્ણ

ઉલ્લેખનીય છે કે, આ નવા બ્રિજનું નિર્માણ ૨૦ પિલર ઉપર ૧૨૦ ગડર મૂકીને કરવામાં આવી રહ્યું છે. છેલ્લા ઘણા સમયથી આ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. અને અત્યાર સુધીમાં લગભગ ૬૫ ટકા કામગીરી પૂરી પણ થઈ ગઈ છે. આ ઘટનાને કારણે કામગીરી થોડા સમય માટે અવરોધાઈ છે, પરંતુ અધિકારીઓએ ખાતરી આપી છે કે આ ઘટનાની અસર બ્રિજના નિર્માણકાર્યના સમયપત્રક પર વધુ નહીં પડે. આગામી માર્ચ સુધીમાં આ બ્રિજનું કામ પૂર્ણ કરીને તેને લોકો માટે ખુલ્લો મૂકવાની તૈયારીઓ ચાલી રહી છે. આ નવો પુલ કાર્યરત થવાથી રાજકોટથી જામનગર તરફ જતાં વાહનચાલકોને મોટો લાભ થશે.

# જામનગરના ૪૮૬માં સ્થાપના દિન નિમિતે મેયર, ધારાસભ્ય સહિતના મહાનુભાવો દ્વારા ખાંભીનું પૂજન કરવામાં આવ્યું






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ૪૮૬માં સ્થાપના દિન નિમિતે જામનગરના મેયર, ધારાસભ્ય સહિતના મહાનુભાવો દ્વારા સ્થાપના સમયની ખાંભીનું પૂજન કરવામાં આવ્યું હતું. તેમજ તળાવની પાળ તથા લાલબંગલા સર્કલ નજીકની પ્રતિમાઓને ફુલહાર વિધી પણ કરવામાં આવી હતી. તેમજ આજે રાત્રે ટાઉનહોલ ખાતે નગર અમારૂ ભારે ગમતીલુ ગામ છે નામના સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ ટાઉનહોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.૪૮૬ વર્ષ પૂર્વે જામ રાવલજી દ્વારા શ્રાવણ સુદ-સાતમના દિવસે જે તે સમયના નવાનગર અને હાલના જામનગરની સ્થાપના કરવામાં આવી હતી. જે માટે જુદી જુદી જગ્યાએ થાભલીઓ રોપવામાં આવી હતી.

જેનું પૂજન દર વર્ષે જામનગરના સ્થાપના દિને કરવામાં આવે છે જે પ્રથા આજે પણ ચાલી રહી છે. આજરોજ જામનગરના ૪૮૬માં સ્થાપના દિન નિમિતે જામનગર મહાનગર પાલિકા દ્વારા શહેરના દરબારગઢ નજીક ખાંભી પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જામનગરના પ્રથમ નાગરીક એવા મેયર વિનોદભાઇ ખીમસૂર્યા, જામનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીવાબા જાડેજા,જામનગર મહાનગર પાલિકાના કમિશનર ડી.એન. મોદી, જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, જામનગર શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં અને ખાંભી પૂજન કર્યુ હતું.

# જામનગરના જ્વેલર્સમાં ગ્રાહક બનીને આવેલી મહિલા ઘરેણાં ભરેલો ડબ્બો લઈને થઈ રફુચક્કર, ૨ની અટકાયત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ ટાઉનમાં એક સોની વેપારીની દુકાને ગ્રાહક બનીને આવેલી એક મહિલા રૂ.૫.૯૪ લાખના ઘરેણા ભરેલો ડબ્બો ચોરીની ફરાર થઈ ગઈ હતી. સમગ્ર મામલે વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ આધારે કાલાવડ ટાઉન પોલીસે સીસીટીવી કેમેરાની મદદથી ચોરીનો ભેદ ઉકેલ્યો હતો અને રાજકોટના એક દંપતિની અટકાયત કરીને ત્રણ તોલા સોનું, દોઢ લાખની રોકડ અને મોબાઈલ તથા રિક્ષા વગેરે કબજે કર્યા છે. જ્યારે અન્ય દાગીના લઈને રફુ-ચક્કર થઈ જનાર મુખ્ય આરોપી મહિલાની શોધખોળ હાથ ધરવામાં આવી છે.કાલાવડમાં રૂ.૫.૯૪ લાખના દાગીના ચોરી મહિલા ફરાર.કાલાવડ ટાઉનમાં સ્વામિનારાયણ શેરીમાં રહેતા અને મેઈન બજારમાં મંગલમ જ્વેલર્સ નામની સોના-ચાંદીના ઘરેણાંની દુકાન ધરાવતા જયેશકુમાર નવીનચંદ્ર ઝીંઝુવાડીયા નામના વેપારીએ સોના-ચાંદીના ઘરેણાંની ચોરી અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ જયેશભાઈ પોતાની દુકાનમાં બેઠા હતા, ત્યારે એક મહિલા ખરીદી માટે આવી હતી. આ દરમિયાન મહિલાએ દુકાનમાંથી અલગ-અલગ ઘરેણાં બતાવવા માટે કહ્યું હતું.

જેમાં ડિસ્પ્લેના ટેબલ ઉપર રાખેલો સોનાના દાગીના ભરેલો પ્લાસ્ટિકનો એક પારદર્શક ડબ્બો વેપારીની નજર ચૂકવીને મહિલા ઉઠાંતરી કરીને જતી રહી હતી. જ્યારે મહિલાના ગયા બાદ વેપારીએ દાગીનાની ગણતરી કરી ત્યારે ખ્યાલ આવ્યો કે, ૫,૯૩,૮૫૪ કિંમતના દાગીના ભરેલો ડબ્બો ગાયબ છે. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવીના આધારે તપાસ આદરી હતી. જેમાં ચોરી કરનાર મહિલા રાજકોટની કિરણબહેન પોપટભાઈ સોલંકી હોવાનું સામે આવ્યું હતું.ચોરીના કેસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, બનાવના સમયે મુખ્ય આરોપી મહિલા કિરણબહેન દુકાનમાં અંદર ગઈ હતી, જ્યારે તેનો પુત્ર અને પુત્રવધુ બહાર ઊભા હતા અને ડબ્બો લઈને નીકળ્યા બાદ ત્રણેય રિક્ષામાં ભાગી છૂટ્યા હતા. જેમાં પોલીસે રાજકોટના એક દંપતિ કિશન નટુભાઈ સોલંકી અને પૂજાબહેન કિશનભાઈ સોલંકીની અટકાયત કરી છે. જ્યારે મુખ્ય આરોપી મહિલાની શોધખોળ હાથ ધરી છે.

# એશિયાની સૌથી મોટી કાયાકિંગ સ્પર્ધામાં ગુજરાતનું ગૌરવભર્યુ પ્રદર્શન

## જામનગરના યુવક નચિકેતા ગુપ્તા મલબાર રિવર ફેસ્ટિવલ-૨૦૨૫માં ભાગ લેનારા ગુજરાતના એક માત્ર પ્રતિસ્પર્ધી, જેઓ સેમિફાઈનલ સુધી પહોચ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લાના નચિકેતા ગુપ્તાએ મલબાર રિવર ફેસ્ટિવલ ૨૦૨૫માં ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. એશિયાની સૌથી મોટી વ્હાઇટ વોટર કાયાકિંગ સ્પર્ધા તરીકે ઓળખાતી આ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટમાં નચિકેતા ગુપ્તા જેઓએ ગુજરાતમાંથી ભાગ લેનારા એકમાત્ર પ્રતિસ્પર્ધી તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી હતી. તેમણે સેમિફાઇનલ સુધી પહોંચીને સૌપ્રથમ વખત ગુજરાતનું નામ મલબારના તીવ્ર પ્રવાહોમાં ગૂંજાવ્યું છે.નચિકેતા ગુપ્તા જામનગર સિંચાઈ વિભાગમાં આસિસ્ટન્ટ એન્જિનિયર (ગેજેટેડ) તરીકે ફરજ બજાવે છે. તેમની નોકરીની જવાબદારીઓ વચ્ચે સમય કાઢીને તેઓએ સતત કઠોર મહેનત અને પ્રેક્ટિસ દ્વારા પોતાની કાયકિંગ કૌશલ્યમાં નિખાર લાવ્યો છે. એમના માટે આ માત્ર હોબી નથી એ એક લાગણી, એક સાહસિક જીવનશૈલી છે. નચિકેતા ગુપ્તા માત્ર કાયકર જ નથી, તેઓ એક બહુઆયામી ઍડવેન્ચર એથ્લીટ છે. સ્કીંગ, પેરાગ્લાઈડિંગ અને માઉન્ટેનિયરિંગ જેવી વિવિધ સાહસિક પ્રવૃત્તિઓમાં પણ તેઓ એક ઓળખ ધરાવે છે. ગુજરાતના પ્રથમ કાયકિંગ સેમિફાઈનલિસ્ટ તરીકે તેમનું સ્થાન નોંધપાત્ર છે. તેઓ જણાવે છે કે,માલાબાર જેવી આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવું એ મારા માટે ગૌરવની વાત છે. હું ઈચ્છું છું કે, વધુ યુવાઓ વ્હાઇટ વોટર કાયકિંગ જેવી રમત તરફ પ્રેરાય.

મલબાર રિવર ફેસ્ટિવલ, જે કેરળના કોઝિકોડ જિલ્લાના પેરિયાર, ચાલીપુઝા અને ઇરૂવાઝિંજી નદીઓ પર આયોજિત થાય છે. દર વર્ષે ભારત તથા યુરોપ, ન્યુઝીલેન્ડ, કેનેડા અને અમેરિકા જેવા ૧૦થી વધારે દેશોના શ્રેષ્ઠ કાયકરો પ્રતિસ્પર્ધા કરે છે. સ્પર્ધાની મુખ્ય કેટેગરીઓ Boater Cross, Downriver Race અને Extreme Slalom – તમામ આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુસરીને યોજવામાં આવે છે. અહીં રમતકૌશલ્ય ઉપરાંત સ્નાયુ શક્તિ, સંતુલન અને તટસ્થતા પણ કસોટીમાં મુકાય છે. આ તીવ્ર સ્પર્ધા વચ્ચે, નચિકેતાએ પોતાની પ્રતિભા દ્વારા



પોતાનું સ્થાન બનાવ્યું છે.

કાયાક એ એક સાંકડી અને લાંબી બોટ હોય છે, કાયાકિંગએ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત રમત છે અને ઓલિમ્પિક રમતોમાં પણ સમાવેશ પામે છે. વ્હાઇટ વોટર કાયકિંગએ કાયકિંગનો પ્રકાર છે જેમાં પર્વતીય વિસ્તારોમાં વહેતી ઝડપભરી અને ઉછળતા પાણીવાળી નદીઓમાં કાયાક ચલાવવામાં આવે છે. આ પ્રકારનું કાયકિંગ ઊંડા જળપ્રવાહ, પથ્થરો અને વળાંકોથી ભરેલું હોવાથી સાહસિક રમતોમાં આગવું સ્થાન ધરાવે છે, જેથી એ ખૂબ જ દમદાર કૌશલ્ય, શારીરિક તાકાત અને સતર્કતા માંગે છે.

# દુકાન પાસે વાહન પાર્ક કરવાની ના પાડતા વેપારી ઉપર ત્રિપુટી તુટી પડી

## હુમલાખોર શખ્સોએ એટ્રોસિટીના ગુનામાં ફીટ કરી દેવાની આપી ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પેલેસ રોડ વર્ધમાન એપાર્ટમેન્ટમાં રહેતા યશભાઈ અજયભાઈ દોષી(ઉ.વ.૨૮)એ પોતાની ફરિયાદમાં નવલ પરમાર, જય અને સાગરનું નામ આપતા તેમની સામે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.યશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું લાખાજીરાજ રોડ ઉપર પ્રણામી મંદિર ની બાજુમા રોનક નામની લેડીસ કપડાની દુકાન છે ત્યા બે ત્યા બેસી વેપાર ધંધો કરી મારા પરીવારનુ ગુજરાન ચલાવુ છું.

ગઇ તા.૧૫/૦૭ ના રોજ રાત્રે અમો બધા અમારી દુકાને હતા અને આ વખતે અમારી દુકાન ની સામે અમારી બાજુની દુકાન વાળા જશી ક્રીએશનનો સામાન રાખતા હોય અને તેના વાહનો પાર્ક કરતા હોય જેથી મારો મોટા ભાઈ બ્રીજેશભાઈ તેઓને સમજાવવા ગયેલ અને કહેલ કે તમારો સામાન અમારી દુકાને આગળ થી લઈ લેજો અમારે નડતર રૂપ થાય તેવુ સમજાવવા ગયેલ ત્યારે અમારી બાજુની દુકાનમા કામ કરતા નવલ પરમાર, જય અને સાગર ત્રણેય લોકો મારા ભાઈની સાથે ઝગડો માથાકૂટ કરી ગાળો દેવા લાગ્યા હતા.

શેરીમા રોડ ઉપર દેકારો થવા લાગતા અમે બધા રોડ ઉપર ગયેલ અને ત્યા જોયેલ તો નવલ પરમાર, જય અને સાગર ત્રણેય મારા ભાઈ સાથે ઝગડો કરતા હોય જેથી અમે ઝઘડો કરવાની ના પાડતા મારી સાથે પણ આ લોકો એ ઝગડો કરેલ અને બન્ને મને ગાળો દેવા લાગેલ અને મે ગાળો બોલવાની ના પાડતા સાગર અને જય મને આડેધડ શરીરે ઢીકા પાટુનો માર મારવા લાગ્યા હતા અને મારો ભાઈ બ્રીજેશ મને વચ્ચે પડી છોડાવા જતા જય અને સાગર બન્ને મારા ભાઈને માર મારવા લાગ્યા હતા અને ત્યા રોડ ઉપર દુકાન બહાર પ્લાસ્ટીકના ડમી સ્ટેચ્યુમાથી પ્લાસ્ટીકના હાથ બન્નેએ એક એક હાથ કાઢી મારા મોટા ભાઈ બ્રીજેશભાઈને આડેધડ શરીરે મારવા લાગતા અને રોડ ઉપર માણસો ભેગા થઈ ગયા હતા.આ જય એ અમને કહેલ કે પોલીસ ફરીયાદ કરીશ તો ત મારા સામે એટ્રોસીટીની ફરીયાદ કરીશ તેવી ધમકી આપેલ હતી અને કોઇએ ૧૦૦ નંબર ઉપર ફોન કરતા પોલીસની ગાડી આવેલ હતી પરંતુ અમને મારી નાખવીની ધમકી અને અમારી સામે ખોટી રીતે એટ્રોસીટીનો કેશ કરવાની ધમકી આપેલ હતી.આ અંગે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

# મઘરવાડામાં વૃધ્ધાની કિંમતી ખેતીની જમીન પર ત્રિપુટીનો કબજો

## ત્રણ વર્ષથી જમીન ખાલી કરતાં ન હતાઃ લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ નોંધાઇ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાનામવા રોડ પર મેઘમાયા નગર શેરી નં.૪માં રહેતા સોમીબેન લવજીભાઈ રાઠોડ (ઉ.વ.૭૩) નામના વૃધ્ધાની કુવાડવાના મઘરવાડામાં આવેલી કિંમતી ખેતીની જમીન પર મઘરવાડા ગામના વતની અને રાજકોટમાં કુવાડવા રોડ પર શ્રીનાથ પાર્ક શેરી નં.૧માં રહેતા શૈલેષ ધીરજલાલ ટોપીયા, મોરબી રોડ લખમણ પાર્ક શેરી નં.૩ જયંતી રાજાભાઈ સુરાણી તેમજ લાખેશ્વર સોસાયટી-૯માં રહેતા બેચર રાજાભાઈ સુરાણીએ મળી ત્રણ વર્ષથી વધુ સમયથી કબજો કરી લીધાના આરોપસર કુવાડવા પોલીસ મથકે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.

ફરિયાદની વિગતો મુજબ વૃધ્ધા સોમીબેનના સસરા દાનાભાઈ વિરાભાઈ રાઠોડને મઘરવાડા સર્વે નં.૩૬૨ પૈકી ૨-ની ૩.૨૩ હેક્ટર જમીન સાથણીમાં સરકાર તરફથી મળી હતી જે તેમના પતિ લવજીને વારસામાં આવી હતી. પતિના અવસાન બાદ સંતાનોના નામે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી થઈ હતી. નવી શરતની જમીન છે. કોરોના સમયે ધંધા-રોજગાર અર્થે પરિવાર બહાર ચાલ્યો ગયો હતો. ત્રણ વર્ષ પૂર્વે ૧-૪-૨૨ના રોજ બપોરના સમયે વાડી પર ગયા તો ત્યાં ખેતીની જમીન પર શૈલેષભાઈ, જયંતીભાઈ, બેચરભાઈ હાજર હતા. તેઓએ જમીન પોતાની છે કહી કબજો કરી લીધો હતો. જમીનનો કબજો ખાલી કરતા ન હતા.

વૃધ્ધા દ્વારા કલેક્ટર સમક્ષ લેન્ડગ્રેબિંગ એકટ હેઠળ ફરિયાદ કરાઈ હતી. તપાસના અંતે કલેક્ટર દ્વારા ફરિયાદ માટે હુકમ કરાયો હતો જે આધારે કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કાલાવડ દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરતો એક બોગસ ડોક્ટર ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં બોગસ તબીબો દ્વારા દવાખાનાઓ ચલાવાતા હોવાનું અને ગરીબ દર્દીના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવતા હોવાનું ધ્યાનમાં આવતાં જામનગરની એસ.ઓ.જી. શાખા દ્વારા સમગ્ર જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં દરોડાઓ પાડીને ચેકિંગ કરવામાં આવી રહ્યું છે, અને આવા બોગસ તબીબોને શોધી કાઢીને તેઓ સામે પોલીસ ફરિયાદ નોંધવાની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી રહી છે.એસ.ઓ.જી.ની ટુકડી કાલાવડના કુંભનાથ પરા વિસ્તારમાં



તપાસમાં ગઈ હતી, જે દરમિયાન ઉપરોક્ત વિસ્તારમાં મૂળ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના પાનેલી ગામનો વતની દિવ્યેશ પોપટભાઈ રામાણી (ઉ.વ. ૫૦) કે જે ગેરકાયદે રીતે દવાખાનું ચલાવી ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરી રહેલો રંગે હાથ પકડાયો હતો.એસ.ઓ.જી. ની ટીમ દ્વારા તેની પૂછપરછ કરવામાં આવતાં પોતાની પાસે કોઈ પણ પ્રકારની ડીગ્રી ન હોવા છતાં મેડિકલ પ્રેક્ટિસ કરતો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.જેથી પોલીસ દ્વારા દિવ્યેશ રામાણીની અટકાયત કરી લઈ તેની સામે કાલાવડ ટાઉન પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો છે, અને તેના દવાખાનામાંથી રૂ.૫૫,૨૭૫ ની કિંમતનો જરૂરી દવાઓ સહિતનો જથ્થો કબજે કર્યો છે.

# જામનગરનો શખ્સ ૬ માસ માટે જિલ્લામાંથી તડીપાર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં અનેક ગુનાઓમાં સંડોવાયેલા શખ્સને પોલીસે છ માસ માટે હદપારી કરી હતી. જામનગર જિલ્લામાં અસામાજીક માથાભારે તત્વો ઉપર કડક કાર્યવાહી કરવા હદપારી તથા પાસા દરખાસ્તો તૈયાર કરવા ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા સુચના આપવામાં આવેલ હોય, જેથી ડીવાયએસપી જયવિરસિંહ ઝાલાના માર્ગદર્શન મુજબ જામનગર સીટી એ ડીવી. પોલીસ સ્ટેશનના પીઆઈ એન.એ.ચાવડાની સુચના મુજબ પીએસઆઈ ડી.જી.રામાનુજએ અશરફભાઈ જુમાભાઇ ખફી (ઉવ.૪૬ રહે. ચુનાનો ભઠ્ઠો ઢોલીયાપીરની દરગાહ પાસે જામનગર) નામના અસામાજીક માથાભારે શખ્સ વિરૂધ્ધમા હદપારી દરખાસ્ત તૈયાર કરી હતી.જે દરખાસ્ત જયવિરસિંહ ઝાલા મારફતે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ પી.બી.પરમારને મોકલતા તેઓએ ૩ શરીર સંબંધી ગુન્હાઓ અને ૩ આર્મસ એકટના ગુન્હાઓમાં સંડોવાયેલ અશરફભાઈ જુમાભાઇ ખફીને ને હદપાર કરવા હુકમ કર્યો છે. જેના આધારે એન.એ.ચાવડાએ હુકમની બજવણી કરી જામનગર જિલ્લામાંથી ૬-માસ માટે હદપાર કરવા તજવીજ કરેલ છે.

# પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટ ખાતે માહિતી મદદનીશ દિવ્યાબેન ત્રિવેદી અને રવિસિંહ ચૌહાણનો વિદાયમાન સમારંભ યોજાયો

## દિવ્યાબેન ત્રિવેદીની સિનિયર સબ એડિટર તરીકે બઢતી, રવિસિંહ ચૌહાણની સ્વૈચ્છિક નિવૃત્તિ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે સંયુક્ત માહિતી નિયામક મિતેષ મોડાસીયાના અધ્યક્ષસ્થાને માહિતી મદદનીશ દિવ્યાબેન ત્રિવેદીની સિનિયર સબ એડિટર તરીકે જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર ખાતે બઢતી થતાં તેમજ સેવક રવિસિંહ ચૌહાણએ સ્વૈચ્છિક નિવૃત્તિ લેતાં, તેમનો વિદાયમાન સમારંભ યોજાયો હતો.

આ તકે સંયુક્ત માહિતી નિયામક મિતેષ મોડાસીયાએ જણાવ્યું હતું કે, દિવ્યાબેનની કાર્યનિષ્ઠાના કારણે કચેરીને તેમની ખોટ વર્તાશે તેમજ તેમણે રવિભાઈને નિવૃત્ત જીવન માટે શુભેચ્છા પાઠવી હતી. આ તકે નાયબ માહિતી નિયામક પ્રશાંત ત્રિવેદીએ જણાવ્યું હતું કે, દિવ્યાબેનની કામની પ્રત્યેની નિષ્ઠા, એક્રેડિટેશન કાર્ડ અને મીડિયા સંકલનની સુચારુ કામગીરી તથા ઓલ રાઉન્ડર વ્યક્તિત્વ પ્રસંશનીય છે તેમજ રવિભાઈનું પણ કચેરી માટે યોગદાન મહત્વપૂર્ણ રહ્યું છે.

આ વેળાએ દિવ્યાબેન અને રવિભાઈનું પુષ્પગુચ્છ અને શાલથી અભિવાદન કરાયું હતું. દિવ્યાબેન અને રવિભાઈએ કચેરી ખાતે પોતાના કાર્યકાળ દરમિયાન થયેલા સુખદ અનુભવો વહેંચ્યા હતાં. આ તકે અધિકારીઓ અને કર્મચારીઓએ પણ વિદાયમાન લેતાં બંને કર્મયોગીઓ સાથેની યાદો વર્ણવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેમેરા ઓપરેટર કેતનભાઈ દવેએ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, દિવ્યાબેન માહિતી મદદનીશ તરીકે વર્ષ ૨૦૧૯માં જામનગર ખાતે નિમણૂંક પામ્યા બાદ તેમની રાજકોટ ખાતે બદલી થતાં તેમણે અહીં ૦૩ વર્ષ ફરજ નિભાવી હતી. તેમજ રવિભાઈ વર્ષ ૧૯૮૬માં કોટડાસાંગાણી તાલુકા માહિતી કેન્દ્ર ખાતે જોડાયા બાદ ધોરાજી, ડાકોર, વિસાવદર, વીરપુરમાં ફરજ નિભાવી હતી. ત્યારબાદ રાજકોટમાં ૨૪ વર્ષ સુધી કાર્યરત રહ્યાં હતાં.

આ કાર્યક્રમમાં સહાયક માહિતી નિયામકો રાધિકાબેન વ્યાસ, પ્રિયંકાબેન પરમાર, રઝાકભાઈ ડેલા અને ના.કા.ઇ. નિલેશભાઈ વાઘેલા સહીત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સભાસદોને તંદુરસ્ત રાખવાનો ઉમદા હેતુ, ''આપના બજાર'' દ્વારા રવિવારે નિઃશુલ્ક મેડીકલ કેમ્પ

## તદ્દન રાહતદરે સભાસદોના ફિટનેસ રિપોર્ટ કરી આપશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લાની સાડા છ દાયકા જૂની અને પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા રાજકોટ જિલ્લા મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર લી. ''અપના બજાર'' દ્વારા સભાસદ કલ્યાણ વર્ષ ના ઉપલક્ષ્ય અંતર્ગત સભાસદ અને તેમના પરિવારોને પ્રવર્તમાન મોંઘીદાટ તબિબી સારવારમાં સધિયારો મળી રહે અને આર્થિક ખર્ચમાં થોડી રાહત મળી રહે તેવા હેતુ સાથે રાજકોટની અગ્રણી સહકારી સંસ્થા અપના બજાર દ્વારા શહેર ની નામાંકિત મલ્ટી સ્પેશિયલિટી શ્રી ગિરિરાજ હોસ્પીટલના સયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક મેડિકલ કેમ્પનુ આયોજન આગામી તારીખ ૦૩/૦૮/૨૦૨૫, રવિવારના રોજ સવારે ૮ થી ૧ દરમિયાન અપના બજાર ભૂપેન્દ્ર રોડ ખાતે કરવામાં આવેલ છે.




તાજેતરના સભાસદ કલ્યાણ વર્ષના આયોજિત પ્રકલ્પના ભાગરુપ આયોજિત આ કેમ્પમાં ગિરિરાજ હોસ્પિટલના નામાંકિત તબિબો ડો .પ્રેમ લાખણી, યુરોલોજિસ્ટ ડો. નરેશ સાપરીયા, ઓર્થોપેડીક સર્જન ડો. કૃપેન ટેલર, બેરિયાટ્રિક સર્જન ડો.કેયુર યાજ્ઞિક સહિત ની ટીમ દ્વારા નિઃશુલ્ક તપાસ અને માર્ગ દર્શન આપવામા આવશે.તદુપરાંત ખુબજ મોંઘા એવા અનેક પ્રકારના રોગોના જેમાં , રેન્ડમ બ્લડ સુગર,લીવર, થાયરોડ, લિપિડ પ્રોફાઇલ,કિડની, સહિતના ટેસ્ટ અત્યંત રાહત દરે કરી આપવામાં આવશે. તેમ સંસ્થાના ચેરમેન ચેરમેન ભાગ્યેશ વોરા, વા.ચેરમેન દિપક ચાવડાની આ અખબારી યાદિમાં જણાવ્યું છે.

અપના બજાર આયોજિત મેડિકલ ચેકઅપ કેમ્પ તેમજ રાહતદરે હેલ્થ રિપોર્ટ માં બહોળી સંખ્યા માં સભાસદો એ રજીસ્ટ્રેશન કરાવેલ છે તેમજ સભાસદ કલ્યાણ પ્રવૃતિ ને આશીર્વાદ આપવા જાહેરજીવન, સમાજજીવન ના અનેક અગ્રણીઓ પ્રેરણાત્મક મુલાકાત લેનાર છે.

સભાસદ કલ્યાણ વર્ષ ના આ પ્રકલ્પને સફળ બનાવવા અપના બજારનાં ચેરમેન ભાગ્યેશ વોરા. વા.ચેરમેન દિપક ચાવડા ની રાહબરી માં સર્વે ડિરેક્ટરઓ સર્વે મહેન્દ્રભાઈ શેઠ. અરવિંદભાઇ સોજિત્રા. નટુભાઇ ચાવડા, પંકજભાઈ દેસાઇ, મહેશભાઇ કોટક, નયનાબેન મકવાણા, વિક્રમસિંહ પરમાર, ડો.જીજ્ઞાબેન પટેલ, ફૂલભાઈ શિંગાળા, જયંતભાઈ ધોળકિયા વહીવટી અધિકારી નરેશભાઇ શુક્લ, સાગર જોષી, કમલેશભાઇ ગજ્જર,પૂજા મેર, અમિત વાઘ જયેશ કારોલિયા સહિતનાઓએ જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઓખા-બાંદ્રા વચ્ચે સ્પેશિયલ ટ્રેન ચલાવાશેઃ 3 ઓગસ્ટથી બુકિંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે ઓખા અને બાંદ્રા વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે

ટ્રેન નંબર ૦૯૦૭૮/૦૯૦૭૭ ઓખા - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ૪ ફેરા

ટ્રેન નંબર ૦૯૦૭૮ ઓખા-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ શનિવાર અને મંગળવારે ઓખાથી સવારે ૦૮૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે વહેલી સવારે ૪ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૧૬ અને ૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ચાલશે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૭૭ બાંદ્રા ટર્મિનસ-ઓખા સ્પેશિયલ ગુરુવાર અને રવિવારે બાંદ્રા ટર્મિનસથી રાત્રે ૨૧૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સાંજે ૧૬૪૫ વાગ્યે ઓખા પહોંચશે. આ ટ્રેન ૧૪ અને ૧૭ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, જામનગર, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, વલસાડ, પાલઘર અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે.

ટ્રેન નંબર ૦૯૦૭૮/૦૯૦૭૭ માટેનું બુકિંગ ૩ ઓગસ્ટ, ૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સંચાલન સમય, સ્ટોપેજ અને કોચની રચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# રામેશ્વર પાર્કમાં વ્યાજખોર દંપતીએ ૭ લાખના બદલામાં ૨૨ તોલા સોનું લીધૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વ્યાજખોર દંપતિએ સાત લાખના બદલામાં ૨૨.૫ તોલા સોનુ લઈ લીધા બાદ વધુ વ્યાજની માંગણી કરી વ્યાજે લેનાર વૃદ્ધ દંપતિને એવી ધમકી આપી હતી કે અમે દવા પી જશું તો જવાબદારી તમારી રહેશે !

આ અંગે રેલનગરમાં રામેશ્વર પાર્ક શેરી નં.૩માં રહેતાં શોભનાબેન મનસુખભાઈ રેણુકાએ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે તેમના બન્ને પુત્રનું ૧૨ વર્ષ પહેલાં અવસાન થતાં પુત્રોના ચાર સંતાનોનો ઉછેર યોગ્ય રીતે થઈ શકે તે માટે રોલ પાલીસનું મશીન ખરીદવા માટે પાડોશમાં જ રહેતા પૂર્ણાબા ઘોઘુભા ઝાલા પાસેથી ૧૦% વ્યાજે ૭ લાખ રૂપિયા લીધા હતા. બે મહિના સુધી ૬૦,૦૦૦ વ્યાજ ચૂકવ્યા બાદ રોલ પાલીસનું મશીન ખરીબ થઈ જતાં ધંધામાં બન્ને પુત્ર અવસાન પામ્યા હોય તેમના ચારેય સંતાનોનો ઉછેર કરવા માટે દંપતિ વ્યાજે પૈસા લેવા મજબૂર બન્યું હતું

નુકસાની આવી હતી. આ કારણથી તેઓ વ્યાજ કે મુદ્દલ ચૂકવી ન શકતા પૂર્ણાબાએ ફોન કરી બેફામ ગાળો ભાંડી ઉઘરાણી શરૂ કરી હતી.

આ પછી પૂર્ણાબાએ ઘેર આવીને સોનાના ૨૨.૫ તોલાના દાગીના તેમજ પતિનું એસબીઆઈનું એટીએમ કાર્ડ લઈ લીધું હતું અને તેમાંથી ૨૨,૦૦૦ રૂપિયાની રકમ કે જે પતિના પેન્શનના રૂપમાં જમા થઈ હતી તે પણ ઉપાડી લીધી હતી. ત્યારબાદ પૂર્ણાબાના પતિ ઘોઘુભા ઝાલાએ શોભનાબેનના ઘેર આવી ધમકી આપી હતી કે હું અને મારી પત્ની દવા પીને મરી જશું તો જવાબદારી તમારી રહેશે. એકંદરે આ દંપતિ વારંવાર ગાળો આપી ત્રાસ આપતા હોય કંટાળીને વૃદ્ધાએ ફરિયાદ નોંધાવી હતી.

## સીટી સમાચાર

### રાજકોટ જિલ્લાના દિવેલા-એરંડા પકવતા ખેડૂતો માટે વિનામૂલ્યે સહાયિત બિયારણ વિતરણ કાર્યક્રમ શરૂ

ભારત સરકાર દ્વારા તેલીબિયાં પાકોનો વ્યાપ વધારવા National Mission on Edible Oil (NIMEO) - Oil seed યોજના કાર્યરત છે. જેના અંતર્ગત દિવેલા પાકમાં પ્રમાણિત બીજ વિતરણ ૧૦૦% સહાય (ભારત સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા નિયત થયેલા પ્રમાણિત બીજની કિંમતની મર્યાદામાં ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર માટે)થી રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર અને કચ્છ જિલ્લાના ખેડૂતોને એક હેક્ટરની મર્યાદામાં લાભ મળે, તે હેતુસર રાજ્યના ખેતીવાડી ખાતા દ્વારા સહાયિત બિયારણ વિતરણ કાર્યક્રમ શરુ થયો છે. આ વિતરણ મર્યાદિત સમય માટે જ હોવાથી, રાજકોટ જિલ્લામાં દિવેલા-એરંડા પકવતા વધુમાં વધુ ખેડૂતોએ 'વહેલા તે પહેલા'ના ધોરણે લાભ લેવા માટે ગ્રામ સેવક / વિસ્તરણ અધિકારી - ખેતી / મદદનીશ ખેતી નિયામક / જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવા સંયુક્ત ખેતી નિયામક (વિતરણ)ની કચેરીની યાદીમાં જણાવાયું છે.

### મંત્રી કુંવરજીભાઈ બાવળિયા રાજકોટ જિલ્લાના પ્રવાસે અંદાજિત રૂ. ૭૮૯ લાખથી વધુના વિકાસ પ્રકલ્પોનું કરશે ખાતમુહૂર્ત

ગુજરાતના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવ-ળીયા રાજકોટ જિલ્લાના પ્રવાસે આવનારા છે, જ્યાં મંત્રી તા.૧ ઓગસ્ટના રોજ સવારે ૯ કલાકે વિંછીયા તાલુકાના અમરાપુર ગામે વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માર્ગદર્શન આપવા કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ ૧૦ કલાકે જસદણના જુના બસ સ્ટેન્ડ પાસે રૂ.૫૦૯ લાખના ખર્ચે નિર્માણ થનારા રિવરફ્રન્ટ તથા રૂ.૨૮૮ લાખના ખર્ચે ભાદર નદી પરના પૂલનું ખાતમુહૂર્ત કરશે. મંત્રી બાવળીયા ૧૪:૩૦ કલાકે વિંછીયા તાલુકાના રેવાણીયા રોડ પર તાલુકા પંચાયત કચેરીએ તથા ૧૬ કલાકે જસદણ તાલુકા પંચાયત ખાતે વિંછીયા અને જસદણ તાલુકાના વિકાસ કામો અંગે અધિકારીઓ અને સરપંચશ્રીઓ સાથે સમીક્ષા બેઠક યોજશે. ૧૭ કલાકે મંત્રી જસદણ તાલુકાના ભાડલા ગામની રામેશ્વર વાડીમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

### કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ રાજકોટ જિલ્લાના પ્રવાસે

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ આગામી ૨ ઓગસ્ટ શનિવારના રોજ તરઘડીયાના ત્રિમંદિર હોલ ખાતે સવારે ૧૦ કલાકે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં યોજનારા પી.એમ. સન્માન નિધિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

### રાજકોટ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૬ ઓગસ્ટે યોજાશે

ગુજરાત સરકારે નાગરીકોના ગ્રામ્ય કક્ષા કે તાલુકા કક્ષાના પ્રશ્નોના અસરકારક અને ન્યાયિક ઉકેલ માટે તાલુકા કક્ષાએ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અમલી કર્યો છે. જે અંતર્ગત રાજકોટ તાલુકા માટે તાલુકા કક્ષાના, ગ્રામ્ય વિસ્તાર તથા શહેરી વિસ્તારના પ્રશ્નો માટે આગામી તા. ૨૬/૦૮/૨૦૨૫ મંગળવારના રોજ રાજકોટ મામલતદાર કચેરી ખાતે મામલતદારના અધ્યક્ષસ્થાને તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે, તેમ રાજકોટ કલેકટર કચેરીના જનસંપર્ક અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# યુવતીએ પ્રેમ સંબંધ તોડી નાખતા પ્રેમી અને મિત્રએ અંગત ફોટા પરીવારને મોકલ્યા

## યુવતીના ફોટા તેમના પરિવારને મોકલી આપવાની ધમકી આપી ત્રાસ અપાતા પ્રેમી તથા તેમના મિત્રોની શાન ઠેકાણે લાવતી ૧૮૧ અભયમ ટીમ

CALL 181 WOMEN HELPLINE ADVICE • RESCUE • COUNSELING

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન પર એક યુવતીએ ફોન કરેલ અને યુવતી એ જણાવેલ કે તેમની સાથે અભ્યાસ કરતા એક યુવક સાથે પ્રેમ સંબંધ માં હતા.પરંતુ થોડા દિવસો થી એ યુવક સાથે કોઈ વાત ચીત કરતા નથી તેથી યુવકના અને તેમના મિત્રો સાથે મળીને મારા પિતાને અમારા બંને ના ફોટા મોબાઈલ મારફતે મોકલી છે. અને મારા કુટુંબ ના અન્ય સભ્યો ને પણ ફોટા મોકલી આપશે તેવી ધમકીઓ આપે છે.જેથી મારે ૧૮૧ મહિલા હેલ્પલાઇન ની મદદ ની જરૂર છે.

જેના પગલે ૧૮૧ મહિલા હેલ્પલાઇન ના કાઉન્સેલર વૈશાલીબેન ચૌહાણ,કોન્સ્ટેબલ કિરણબેન ,તથા પાયલોટ શ્યામ ભાઈ તાત્કાલિક યુવતી ની મદદ માટે રવાના થયેલ જેના પગલે ૧૮૧ ટીમ એ સ્થળ પર પહોંચી.૧૮૧ ટીમ દ્વારા યુવતી સાથે વાત-ચીત કરી ત્યારબાદ કાઉન્સિલિંગ દરમ્યાન યુવતી એ પોતાની મનોવ્યથા વ્યક્ત કરતા જણાવ્યું કે યુવક અને યુવતી કોલેજમાં સાથે અભ્યાસ કરતા હોવાથી એક વર્ષ પહેલાં એક બીજા ના સંપર્કમાં આવ્યા હતા અને ત્યાર-બાદ એક બીજા સાથે પ્રેમ થયેલ.પરંતુ થોડા દિવસ પહેલા યુવક અને યુવતીએ પ્રેમ સંબંધ તોડી નાખ્યાં હતાં તેથી યુવકના અને તેમના મિત્રો સાથે મળીને યુવતી ના પિતાને યુવક અને યુવતી ના બંને ના ફોટા મોબાઈલ મારફતે મોકલી આપેલ. અને યુવતી ના કુટુંબ ના અન્ય સભ્યો ને પણ ફોટા મોકલી આપશે તેવી ધમકીઓ આપેલ તેથી યુવતી ખુબજ ગભરાઈ ગયા હતાં કે હવે તેમના ફોટો-વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ કરશે તો.

ઘટના ની ગંભીરતા ને ધ્યાન માં લઈ ને ૧૮૧ ટીમે યુવક ના મિત્રો ને ફોન કરીને ઘટના સ્થળ પર બોલાવી ને તેમનું કાઉન્સિલિંગ કરેલ અને તેમને સાયબર ક્રાઇમ વિશે માહિતી આપેલ તથા યુવતી ના ફોટો વાયરલ કરશે તો તેના ઉપર કડક કાયદાકીય કાર્યવાહી થશે.યુવક ના મિત્રોને કાયદાકીય જોગવાઈઓ અંગે વિશે વિસ્તૃત માહિતી આપી સલાહ સુચન અને માર્ગદર્શન પુરૂં પાડ્યું.૧૮૧ ની ટીમે યુવક ના મિત્રોને તેની ભુલનુ ભાન કરાવી પાઠ ભણાવ્યો, તેમને પોતાની ભૂલ નો અહેસાસ થતાં યુવતી ની માફી માંગી અને યુવતી ના સગા સંબંધીઓ ના મોબાઈલ નંબર ડીલીટ કરેલ. તથા યુવતી ના ફોટો પણ ડીલીટ કરેલ અને આજ પછી થી યુવતી સાથે કોઈ પણ પ્રકાર નો સંપર્ક કરશે નહીં. યુવક ના મિત્રો એ જણાવેલ કે હવે પછી થી તેવો યુવતી ને હેરાન કરશે નહીં અને ભવિષ્યમાં આવી ભૂલ ક્યારેય નહીં કરે તેવી ખાતરી આપી. યુવક ના મિત્રો એ બાંહેધરી આપી કે, હવે પછી કોલેજમાં પણ યુવતીની આસપાસ નહીં આવે,ભવિષ્યમાં આવી કોઈ ભૂલ નહીં કરે તેવું જણાવેલ.યુવક અને તેમના મિત્રો ને ૧૮૧ ટીમે જણાવેલ કે આ ગંભીર ગુનો હોય અને તમને સજા પણ થઈ શકે છે પરંતુ યુવતી આગળ કોઈ કાર્યવાહી કરવા માગતી નથી જેથી હવે પછી જો બીજી વાર આવી ભૂલ થશે તો કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેમ કડક શબ્દમાં સમજાવ્યું.યુવક ના મિત્રો યુવતી ને ફોટાને લઈ કોઈ જાતની ધાક ધમકી નહી આપે કે બ્લેક મેલ નહી કરે તેવું જણાવેલ પોતાની ભૂલ સ્વીકારી પીડીતા પાસે માફી માંગી લખાણ દ્વારા બાહેધરી આપી સમાધાન કરેલ. પીડીત મહિલા આગળ કોઈ કાર્યવાહી કરવા માગતી ન હોવાથી તેમને સલાહ સૂચન અને માર્ગદર્શન આપીને સમાધાન કરેલ છે યુવતીએ ૧૮૧ ટીમ નો આભાર વ્યક્ત કરેલ.

# કુંટુંબ અને પાડોશીઓને હેરાન કરતા પ્રૌઢને સમજાવવા ૧૮૧ મહિલા હેલ્પલાઇનની મદદ લેવાઇ

## પરિવાર સહિત પાડોશીઓ સાથે અશોભનીય વર્તન કરતા પ્રૌઢને ૧૮૧ મહિલા હેલ્પલાઇનની ટીમે સમજાવી મામલો થાળે પાડ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં કાર્યરત મહિલા હેલ્પલાઈન ૧૮૧માં ઘણી જ વખતે વિચિત્ર કિસ્સાઓ સામે આવતા હોય છે.જેને લઈ ટીમ દ્વારા તેને કુનેહપૂર્વક ઉકેલી બન્ને પક્ષે સમાધાન થાય તેવા શક્ય પ્રયત્નો હાથ ધરવામાં આવતા હોય છે.ત્યારે રાજકોટમાં પણ આવા જ એક કિસ્સામાં ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમે મધ્યસ્થી બની મામલો થાળે પાડી કુનેહપૂર્વક કામગીરી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ ગત મોડી રાત્રે ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર પીડિતા બહેનનો ફોન આવેલ અને જેમાં તેઓએ જણાવેલ હતું કે, તેમના સસરાનો છેલ્લાં ૩ વર્ષ થી ખુબ ત્રાસ હોય આથી તેમને સમજાવવા માટે આવો જેને લઈ તુરંત જ ૧૮૧ મહિલા હેલ્પલાઈન તાલુકા પોલીસ સ્ટેશન ટીમના કાઉન્સેલર શીતલબેન સરવૈયા , પોલીસ કોન્સ્ટેબલ હર્ષાબેન તથા દર્શિતગીરી ઘટના સ્થળ પર પહોંચી હતી.બાદમાં પીડિતા બહેન સાથે વાત કરતા જાણવા મળ્યું કે પીડિતા બહેનનાં લગ્નજીવનને ૧૫ વર્ષ થયેલ હોય અને સંતાનમાં ૧૨ વર્ષની દીકરી હોય સાથોસાથ વધુમાં પીડિતા બહેનએ જણાવેલ કે છેલ્લાં ૩ વર્ષ થી તેમના સસરા તેમની સાથે રહેતા હોય તથા તેમના સસરા ઘરમાં ટૂંકા અને અવ્યવસ્થિત કપડા પહેરતા હોય તેમ જ આવા પ્રકારના કપડાં પહેરી શેરીમાં પણ ફરતા હોય ઉપરાંત પોતાના રૂમમાં કપડા બદલતા હોય ત્યારે પણ રૂમની બારી લઓ ખુલ્લી રાખી કપડા બદલતા હોય.જેથી પીડિતા બહેને જણાવેલ કે તેઓના આવા પ્રકારના કૃત્યને લીધે પાડોશની બહેનોને પણ તકલીફ પડતી હોય તેથી તેઓ પણ વારંવાર તેમનાં સસરાની ફરિયાદ કરવા આવતા હોય છે.જ્યારે પીડિતા બહેન ગૃહ વ્યવસાયમાં પોતાનું બ્યુટી પાર્લર ચલાવતા હોય જેમાં પણ તેમનાં સસરાનાં વર્તનથી આવનાર મહિલા ગ્રાહકોને તકલીફ થતી હોય છે.આ બાબતે પીડિતા બહેને તેમના પતિને વારંવાર આ બધી તકલીફો વિશે જણાવેલ હોય, પરંતુ તેમનાં પતિના કહેવાથી પણ તેમનાં સસરા માનતા નાં હોય જેથી અંતે પીડિતા બહેનને તેમનાં સસરા ને સમજાવવા માટે ૧૮૧ હેલ્પલાઈનનો સહારો લેવો પડ્યો છે.સમગ્ર રજુઆત બાદ પીડિતા બહેનના સસરાને ૧૮૧ ટીમ દ્વારા સમજાવેલ હોય કે તેમને પોતાની ઉંમરનો લિહાઝ કરવો જોઈએ અને તેમનાં આવા વર્તનનાં કારણે તેમની પુત્રવધૂ તથા તેમની પૌત્રી ને તકલીફ થતી હોય અબે વારંવાર પાડોશીઓની આ બાબતે ફરિયાદ આવતી હોય તેથી તેઓએ ઘરમા તથા બહાર જાય ત્યારે વ્યવસ્થિત કપડા પહેરવા જણાવી અને જો પછી પણ નહીં સુધારો તો કાયદાકીય કાર્યવાહી હાથ ધરવાનું જણાવી મામલો થાળે પાડ્યો હતો.

# ઈશ્વરીયા પાર્ક વૃક્ષછેદન મામલે તપાસનો આદેશ કરતા કલેકટર

## ટ્રિમિંગના નામે અનેક વૃક્ષનો સોથ વાળી દેવાયો હતોઃ સાફસફાઇ મામલે પણ લાલીયાવાડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ઈશ્વરીયા પાર્કમાં મહિને દહાડે લાખો રૂપિયાનો ખર્ચ કરવા છતાં કોન્ટ્રેક્ટર દ્વારા સાફસફાઈ મામલે બેદરકારી દાખવવાની સાથે તાજા ભૂતકાળમાં અહીં અસંખ્ય વૃક્ષનો સોથ વાળી દેવા પ્રકરણમાં જિલ્લા કલેકટર દ્વારા તપાસના આદેશ કરવામાં આવ્યા હોવાનું અને ખુદ જિલ્લા કલેકટર ઈશ્વરીયા પાર્કની મુલાકાત લેનાર હોવાનું તેમને જણાવ્યું હતું.

શહેરની ભાગોળે આવેલ જિલ્લા વહીવટીતંત્ર સંચાલિત વેલી ઓફ વાઈલ્ડ ફ્લાવર એટલે કે, ઈશ્વરીયા પાર્કમાં એક તરફ તંત્ર મિયાવાકી વન ઉભું કરવા પ્રયાસ કરી અહીં હજારોની સંખ્યામાં નવા વૃક્ષ વાવી જતનપૂર્વક ઉછેર કરી રહી છે તેવા સમયે જ ઈશ્વરીયા પાર્કમાં ટ્રિમિંગના નામે અનેક ઉગતા વૃક્ષનું નિકંદન કાઢી નાખવામાં આવતા સમગ્ર મામલો જિલ્લા કલેક્ટર સુધી પહોંચ્યો છે. દરમિયાન જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશે જણાવ્યું હતું કે, તેઓ ખુદ ઈશ્વરીયા પાર્કની મુલાકાત લઈ વૃક્ષ છેદન બાબતની માહિતી મેળવશે સાથે જ આ મામલે તપાસના આદેશ કર્યાનું પણ તેમને ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૭૭ એકરથી વધુ જગ્યામાં પથરાયેલ ઈશ્વરીયા પાર્કમાં લાંબા સમયથી બોટિંગ અને મ્યુઝિકલ ફાઉન્ટેન પણ બંધ હાલતમાં છે ત્યારે અહીં આવતા સહેલાણીઓને ઉબડ ખાબડ રસ્તાઓ અને ગંદકીયુક્ત ટોયલેટ-યુરિનલ બોક્સમાં જવું પડતી હોવાની પણ ફરિયાદ ઉઠી છે ત્યારે આગામી જન્માષ્ટમી પર્વ પૂર્વે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અહીં કડક હાથે કામગીરી લઈ મહિને દહાડે લાખો રૂપિયાનું બિલ વસુલતી એજન્સી પાસે યોગ્ય કામગીરી લેવામાં આવે તો ઈશ્વરીયા પાર્કમાં આવતા સહેલાણીઓને રાહત મળી શકશે.

# પોલીસ મશીનરીનો દુરઉપયોગ કરી અને ખોટા આવેદન પત્ર આપી બદનામ કરવાનો કારસોઃ ક્ષત્રીય અગ્રણી પી.ટી.જાડેજા



**મંદિરમાં મહાઆરતી કરવા મુદ્દે થયેલા વિવાદ બાદ ક્ષત્રિય સમાજના અગ્રણી પી.ટી.જાડેજા વિરૂધ્ધ તાલુકા પોલીસમાં ફરીયાદ થયા બાદ તેઓને પાસામાં અમદાવાદ જેલમાં ધકેલી દેવામાં આવ્યા બાદ ભારે વિવાદ અને ઓહાયોહ સર્જાતા ગૃહ વિભાગ દ્વારા તેઓને પાસામાંથી મુક્ત કરાયા હતા. આ ઘટના બાદ પી.ટી.જાડેજા તથા ક્ષત્રિય સમાજના આગેવાનો દ્વારા આજે પોલીસ કમિશનરને લેખીતમાં આવેદનપત્ર પાઠવી જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસ મેન્યુઅલ-૩ કલોઝ ૧૩૭ અન્વયે તપાસ કરી પોલીસ મશીનરીને પોલીસને ગેરમાર્ગે દોરનાર તથા અમો અરજદાર પર દબાણ ઉભુ કરવા અને અમારી બદનામી કરી મીડિયા મારફતે સસ્તી પ્રસિધ્ધી મેળવવા માટે આવેદનપત્ર આપનાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.**

# નશામાં ધૂત થઈ નીકળેલા બે નબીરાએ લકઝરી કાર પર કાબુ ગુમાવતા વીજપોલ સાથે અથડાઈ

## નબીરાઓએ ભીમનગર સર્કલ પાસે અકસ્માત સર્જયોઃ તાલુકા પોલીસે બંને સામે ગુનો નોંધી સકંજામાં લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નશામાં ધૂત થઈ નીકળેલા નબીરાએ લકઝરી કાર પર કાબુ ગુમાવતા કાર ભીમનગર સર્કલ પાસે આવેલા વિજપોલ સાથે અથડાઈ હતી.બનાવના પગલે પોલીસે બન્ને સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. નાનામવા ગામ પાસેના ભીમનગર સર્કલ નજીક લકઝરી કાર વીજપોલ સાથે અથડાતા વિજપોલ ધરાશાયી થયો હતો.બનાવના પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થયા હતા.ઘટનાની જાણ થતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ દોડી જઈ કાર સવાર બન્નેની પુછતાછ કરતા ચાલક અને તેની સાથે બેઠેલ શખસ બન્ને નશામાં ધૂત હોવાનું માલુમ પડયું હતું. જેથી જમાદાર અમરશી મેતાલીયાએ શગુન એલીગન્સ એપાર્ટમેન્ટના ફલેટ નં એ-૪૦૩માં રહેતા કેવિન પંકજ ઉધાડ, નાનામવા રોડ પર નેહરૂનગર-૪માં રહેતા ધ્રુવ અરવિંદ સોરઠીયા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે બન્નેએ નશામાં ધૂત થઈ જીજે ૦૩ એનપી ૫૫૦૭ નંબરની મર્સિડીઝ કાર લઈ નીકળ્યા હતા.દરમ્યાન કાર પર કાબુ ગુમાવતા ભીમનગર સર્કલ પાસેના વિજપોલ સાથે અથડાતા પોલ તૂટી ગયો હોવાનું જણાવતા પ્રોહિબિશન તથા પબ્લિક પ્રોપટ એકટ મુજબ ગુનો નોંધી ધરપકડ કરી વધુ તપાસ પીએસઆઈ ભરવાડે હાથ ધરી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# બાલાજી હોલ પાસે ખીજડાવાળા રોડ પર પરપ્રાંતિય યુવાનની હત્યા

## માલવીયાનગર પોલીસ, ક્રાઇમ બ્રાન્ચ, એલસીબી ઝોન-૨ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળેઃ અજાણ્યા શખ્સોએ યુવાનને માથામાં બોથડ પદાર્થના ઘા ઝીંકી પતાવી દીધાની શંકાઃ લાશને ફોરેન્સીક પીએમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડાઇ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ખીજડાવાળા મેઇન રોડ પર પરપ્રાંતિય યુવાનની હત્યા થયાનો બનાવ પ્રકાશમાં આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઇ પ્રાથમીક તપાસ શરૂ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરના બાલાજી હોલ પાસે આવેલ ખીજડાવાળા મેઇન રોડ પર આવેલા ખુલ્લા પ્લોટમાં એક અજાણ્યા યુવાનની લાશ પડી હોવાની જાણ પોલીસમાં કરવામાં આવતા માલવીયા નગર પોલીસ મથકના પીઆઇ જે.આર.દેસાઇ, પીએસઆઇ મુળુભા ધાંધલ, એલસીબી ઝોન-૨ના પીએસઆઇ આર.એચ.ઝાલા અને ક્રાઇમ બ્રાન્ચ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પ્રાથમિક તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આ મૃતક ઉતરપ્રદેશનો વતની હોવાનું અને તેનું નામ રાજુ હોવાનું જાણવા મળ્યું હતું. આ યુવક શહેરમાં છૂટક મજૂરી કામ કરતો હોવાનું અને રખડતું ભટકતું જીવન જીવતું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. ગત રાત્રીના આ ખુલ્લા પ્લોટમાં કોઇ અજાણ્યા શખ્સોએ યુવાનને પથ્થર કે કોઇ બોથડ પદાર્થના ઘા માથામાં ઝીંકી તેની હત્યા કરી નાસી ગયા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું.

પોલીસે સ્થળ પર જરૂરી કાગળો કરી લાશને ફોરેન્સીક પીએમ અર્થે સરકારી હોસ્પિટલે ખસેડી અલગ-અલગ પોલીસની ટીમો દ્વારા હત્યારાઓને શોધવા કવાયત શરૂ કરી છે.

# શહેરમાં આરટીઓ દ્વારા સ્કૂલ વાહન ચેકિંગ ડ્રાઇવ








**રાજકોટ શહેરમાં સ્કૂલ વાહનમાં અનેક ખામીઓ હોવા છતાં વિદ્યાર્થીઓને ઘેટા-બકરાની જેમ સ્કૂલ વાહનમાં બેસાડીને નિકળતા વાહન ચાલકો વિરૂધ્ધ રાજકોટ આરટીઓ દ્વારા ચેકિંગ ડ્રાઇવ હાથ ધરવામાં આવી છે. શહેરના અલગ-અલગ વિસ્તારમાં ૩૧ સ્કૂલ વાહનો ચેક કરી રૂ.૪.૮૨ લાખનો દંડની કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં પરમીટ વગરના વાહનો, રેડિયમ રીફલેકટર પટ્ટી વગરના વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી છે.**

# આ લે લે... માજોઠીનગર મેઇન રોડ પર ૮૮ હજારનો દારૂ થોરાળા પોલીસને રેઢો મળ્યો



## આંબેડકરનગરમાં ૩૧ હજારના વિદેશી દારૂ સાથે બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે દુધસાગર રોડ પર આવેલા માજોઠીનગર મેઇન રોડ પર વિદેશી દારૂનો જથ્થો થોરાળા પોલીસને રેઢો મળી આવતા બુટલેગર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ સામાકાંઠે દુધસાગર રોડ પર થોરાળા પોલીસના પીએસઆઇ એમ.એસ.મહેશ્વરી, એએસઆઇ મહેશભાઇ સોલંકી, હેડ કોન્સ. ધર્મેન્દ્રભાઇ ગઢવી તથા ઇમરાનભાઇ ચુડાસમા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે માજોઠીનગર મેઇન રોડ પરથી ૮૮૮૦૦નો વિદેશી દારૂનો જથ્થો રેઢો મળી આવતા પોલીસે દારૂનો જથ્થો કબ્જે કરી બુટલેગર આસીફ સલીમ મેણ વિરૂધ્ધ ગુનો નોંધી શોધખોળ આદરી છે.

જયારે બીજા બનાવમાં માલવીયા નગર પોલીસ મથકના હેડ કોન્સ. એ.બી.વિક્રમા, કોન્સ. મનીષભાઇ સહિતનો સ્ટાફે આંબેડકરનગરમાં રહેતા મહેન્દ્ર ઉર્ફે દિનેશ રાખસીયાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા રૂ.૩૧૨૦૦નો ૨૪ બોટલ વિદેશી દારૂ મળી આવતા બુટલેગર મહેન્દ્ર ઉર્ફે ભુરાની ધરપકડ કરી છે.

# સોની વેપારીનું ૨૦૦ ગ્રામ સોનું લઇ રાજસ્થાની કારીગર ફરાર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના પેલેસ રોડ પર સોની વેપારી પાસેથી સોનાના દાગીના બનાવવા ૨૦૦ ગ્રામ સોનું લઇ રાજસ્થાની કારીગરે પરત નહીં આપી ઠગાઇ કરતા ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ ગીતાનગરમાં વસુધરા એપાર્ટમેન્ટમાં રહેતા અને પેલેસ રોડ પર પ્રદ્યુમન શોપીંગ સેન્ટરમાં ત્રીસુલ જવેલર્સ નામે દુકાન ચલાવતા અનીલભાઇ ચંદુભાઇ રાધનપુરા નામના સોની વેપારીએ મુળ રાજસ્થાનના પાલીનો વતની અને હાલ મોરબી રોડ પર જુના જકાતનાકા પાસે ડ્રીમ લેન્ડ એપાર્ટમેન્ટમાં રહેતો વિરેન્દ્ર ઓમ પ્રકાશ સોની નામના શખ્સ વિરૂધ્ધ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ આ આરોપી સિધ્ધિવિનાયક ગોલ્ડ નામે પેઢી ચલાવતો હોય અને પોતે પેઢીનો માલિક હોય ફરીયાદી પાસેથી અઢી મહિનાનું કહી સોનાના દાગીના બનાવવા માટે ૨૦૦ ગ્રામ ફાઇન સોનું કિંમત રૂ.૧૬.૯૯ લાખનું લીધુ હતું અને અઢી મહિના પુરા થઇ ગયા બાદ સોનું ૨૦૦ ગ્રામ પરત નહીં આપી છેતરપીંડી કરી હોવાની ફરીયાદ નોંધાવતા પીએસઆઇ બી.આર.સાવલીયાએ પ્રાથમીક તપાસ હાથ ધરી છે.

# અપૂર્વા એપાર્ટમેન્ટમાં શિક્ષક દંપતિના ઘરમાંથી ૧૦.૮૫ લાખની ચોરી

## સવારે ૭થી બપોરે ૨ વાગ્યા સુધી બંધ રહેલા ઘરમાં તસ્કરો ચાર મિનિટમાં જ કબાટ 'સાફ કરી બહાર નીકળી ગયાને રેલવે સ્ટેશન જવા માટે રિક્ષા પણ પકડી લીધી!



**મુખ્ય સમાચાર, રાજકોટ**

એસ.એન.કે. સ્કૂલ પાછળ આવેલા અપૂર્વા એપાર્ટમેન્ટમાં રહેતા અને એસ.એન.કે. સ્કૂલમાં જ શિક્ષક તરીકે કાર્યરત દંપતિના ઘરમાંથી ચાર જ મિનિટમાં ૧૦.૮૫ લાખની ચોરી થઈ જતાં પોલીસમાં દોડધામ થઈ જવા પામી હતી. સવારે ૭થી બપોરે ૨ વાગ્યા સુધી બંધ રહેલા ઘરમાં તસ્કરો ચાર મિનિટમાં જ કબાટ 'સાફ' કરી બહાર નીકળી ગયા અને રિક્ષા પકડી રેલવે સ્ટેશન પહોંચી ગયાનું સીસીટીવી ફૂટેજના આધારે કરાયેલી તપાસમાં બહાર આવ્યું હતું. લીલો આ અંગે શિક્ષક લેઝલીભાઈ ડોનાલ્ડકિશોર ચાંદેકરે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેઓ સવારે સાત વાગ્યે પત્ની સાથે સ્કૂલે નોકરી જવા માટે રવાના થયા હતા જ્યારે સંતાનો સ્કૂલે ગયા હતા. આ પછી બપોરે બે વાગ્યે પતિ-પત્ની ઘેર આવ્યા ત્યારે દરવાજો ખુલ્લો જોયો હતો એટલે અંદર પ્રવેશતા કોઈ જ જોવા ન મળતા કંઈક અજુગતું થયાનું લાગ્યું હતું. બેડરૂમમાં રહેલા કબાટમાં તપાસ કરતાં અંદર બધો જ સામાન વેરવિખેર પડ્યો હતો અને રોકડ, સોના-ચાંદીના દાગી સહિત ૧૦.૮૫ લાખની મત્તા ગાયબ જોવા મળી હતી. આ ગુનો નોંધાતાં જ એલસીબી, ક્રાઈમ બ્રાન્ચ, યુનિવર્સિટી પોલીસ દ્વારા તપાસ આરંભાઈ હતી. તપાસમાં સામે આવ્યા પ્રમાણે ત્રણેક તસ્કરો ઘરમાં ઘૂસીને ચોરીને અંજામ આપી રહેલા જોવા મળે છે. આ ત્રણેય ચાર જ મિનિટની અંદર ઘરમાંથી ચોરી કરીને બહાર આવી રહેલા અને રિક્ષા પકડી રેલવે સ્ટેશન પહોંચી ગયાનું સામે આવ્યું છે. પોલીસે તસ્કરો જે રિક્ષામાં બેસી રેલવે સ્ટેશન પહોંચ્યા હતા તેની પૂછપરછ કરાતા આ વિગત સામે આવી હતી. જે રીતે ચોરી થઈ તેના પરથી અગાઉ રેકી થઈ હોય કે જાણભેદુ હોઈ શકે તેવી પોલીસને આશંકા છે.

# સામખિયાળી પાસેથી ૫૭ લાખનો દારૂ ભરેલાં ટેન્કર સાથે શખ્સ ઝડપાયો

## એસએમસીના જયચંદ જેવા પૂર્વ હેડ કોન્સ્ટેબલ સાજણના સંપર્કધારી વોન્ટેડ બુટલેગર અનિલ પ્રસાદનું નામ ખૂલ્યું : એસએમસીનો દરોડો




**મુખ્ય સમાચાર, રાજકોટ**


સ્ટેટ મોનિટરિંગ સેલે સામખિયાળી નજીકથી ૫૬.૮૫ લાખના વિદેશી દારૂ ભરેલું ટેન્કર પકડી પાડયું છે. દારૂનો જથ્થો રાજસ્થાનના કતેપુરના વોન્ટેડ સપ્લાયર અને એસએમસીના જ જયચંદ જેવા પૂર્વ હેડ કોન્સ્ટેબલ સાજણ આહિરના સંપર્કધારી અનિલ ઉર્ફે પંડ્યા જગદીશ પ્રસાદે મોકલ્યો હોવાનું ખૂલ્યું છે. ટ્રકચાલકને પકડીને અનિલ તેમજ તેના સાગરીત અમદાવાદનો અર્જુન સામખિયાળીમાં જથ્થો મંગાવનાર શખસ અને રાજસ્થાનના પીઠવાડામાંથી ટેન્કર આપનાર ઈસમ તેમજ ટેન્કરના માલિક સામે સામખિયાળી પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવ્યો છે.

કચ્છ તરફ વિદેશી દારૂનું ટેન્કર જવાનું હોવાની માહિતીના આધારે એસએમસીના પીઆઈ જી.આર. રબારી અને પીએસઆઈ એસ.વી. ગરચરે સ્ટાફ સાથે વોચ ગોઠવી હતી. માહિતી મુજબનું ટેન્કર આવતા સામખિયાળી ટોલનાકા પાસે અટકાવવામાં આવ્યું હતું. ટેન્કરની તલાશી લેતા અંદરથી ૫૬,૮૬,૧૨૦ કિંમતની વિદેશી દારૂની ૨૪, ૧૯૨ બોટલ મળી આવી હતી. રાજસ્થાનના બાડમેરના નિમ્બલ કોટના ટ્રકચાલક વિંઝારામ લચ્છારામ જાટની ધરપકડ કરાઈ હતી. તેની લીઓ ! પાસેથી બે મોબાઈલ કબજે લેવાયા હતા.

આ દારૂનો જથ્થો ગુજરાતમાં દારૂ સપ્લાયના ગુનામાં વોન્ટેડ એર એસએમસીમાં ગુજસીટોકના સૂત્રધાર બુટલેગર અનિલકુમાર જગદીશ ''પ્રસાદે પ્રસાદે મોક મોકલાવ્યાનું ખુલ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, વોન્ટેડ બુટલેગર સાથે એસએમસીના જ હેડ કોન્સ્ટેબલ દેવભૂમિ દ્વારકાના સાજણ આહિરને સંપર્કો હતા અને એક ૧૦ દિવસ પૂર્વે સાજણે અનિલનું દારૂ ભરેલું એક ટેન્કર ૧૫ લાખ રૂપિયા લઈને જવા દીધું હતું. જે કાંડનો આ ટેન્કર વડોદરા ગ્રામ્ય પોલીસના હાથે પકડાતા ભાંડો ફૂટયો હતો. એસએમસીની ઉજળી છાપ પણ સાજણના કારણે ખરડાઈ હતી. સાજણને તાત્કાલીક ધોરણે એસએમસીમાંથી હટાવી સસ્પેન્ડ કરાયો હતો. હાલ વડોદરા ગ્રામ્યના લાખોના દારૂના ગુનામાં સાજણ વડોદરા પોલીસની કસ્ટડીમાં ત્રણ દિવસના રિમાન્ડ પર છે.

# ભેદી સંજોગોમાં લાપતા થયેલી ફઇ-ભત્રીજીનો ઇન્દોરથી મળ્યા

## પારિવારીક ઝઘડામાં એનઆરઆઈ મહિલા બાળકીને લઈ ભાગ્યા બાદ સંબંધીએ મદદ કર્યાનું ખુલ્યું : રાજકોટ પોલીસ બંનેને ઈન્દોરથી પરત લાવવા રવાના



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારની અલ્કાપુરીમાં રહેતા વેપારી પરિવારની આઠ વર્ષની પુત્રી અને તેની ફઇ સમાહ પૂર્વે ભેદી સંજોગોમાં લાપતા થઈ ગયા બાદ પોલીસે આ ફઇ ભત્રીજીને શોધી કાઢવા વિવિધ દિશામાં તપાસ કરી હોય જેમાં ક્રાઈમ બ્રાંચને સફળતા મળી છે. ફઈ ભત્રીજી બન્ને ઇન્દોર નજીકના એક ગામ પાસેથી શોધી કાઢી બન્નેને લઈ ક્રાઈમ બ્રાંચની ટીમ રાજકોટ આવવા રવાના થઇ છે. ૮ વર્ષની ભત્રીજીને ફઇ લઇ જવાના પ્રકરણમાં તેના એક નજીકના સગાએ મદદ કરી હોવાની વાત સામે આવી રહી છે. પારિવારિક ઝગડામાં આ ખેલ ખેલાયો હોય જોકે આ મામલે પોલીસ સતાવાર જાહેરાત કરશે. મળતી વિગતો મુજબ અલ્કાપુરીમાં રહેતા રિયાઝભાઈ ફિરોઝભાઈ માખાણીની આઠ વર્ષની પુત્રી અનાયા અને તેમના બહેન રીમાબેન ફિરોઝભાઇ માખાણી સમાહ પૂર્વે ગત તા.૨૪ની રાત્રીના આઠેક વાગ્યે ઘરેથી નીકળ્યા હતા. રીમાબેન તેમના ભાઈની કાર ચલાવતા હતા અને ભત્રીજીને તેમાં બેસાડી હતી. પુત્રી અનાયા ફઈ રીમાબેન સાથે કારમાં આંટો મારવા ગઇ હશે તેવું પરિવારજનોને લાગ્યું હતું, પરંતુ લાંબો સમય વીતવા છતાં ફઈ ભત્રીજી પરત નહીં આવતાં માખાણી પરિવારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. ફઈ ભત્રીજી ક્યાં છે અને શા માટે મોડું થયું તે જાણવા પરિવારના સભ્યોએ તે દિવસે ફોન કરતાં ફોન લાગ્યો હતો, પરંતુ ફોન રિસીવ થયો નહોતો અને ત્યારબાદ રીમાબેનનો મોબાઇલ સ્વિચ ઓફ થઇ ગયો હતો. માખાણી પરિવારે પોતાના સંબંધીઓને ત્યાં ફોન કરીને અનાયા અને રીમાબેન આવ્યા છે કે કેમ તે અંગેની તપાસ કરી હતી, પરંતુ તમામ સ્થળેથી આ બંને અંગે કોઈ માહિતી નહીં મળતાં માખાણી પરિવારે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ગાંધીગ્રામ પોલીસે અનાયા અને રીમાબેન ગુમ થયા અંગેની નોંધ કરી હતી. પોલીસે રીમાબેન જે કાર ચલાવીને નીકળ્યા હતા તે કાર અંગે તપાસ કરતા તે કાર છેલ્લે માધાપર ચોકડીએ કેમેરામાં કેદ થઈ હતી ત્યારબાદ કાર કે ફઈ ભત્રીજીની ભાળ મળી ન હતી. છેલ્લા એક સપ્તાહથી ગુમ રીમા અને અનાયાના ગુમ થવા અંગેનો મામલો મીડિયામાં આવ્યા બાદ પોલીસ અધિકારીઓને પણ બનાવ ની ગંભીરતા સમજાઈ હતી અને આ મામલે ક્રાઈમ બ્રાંચને તપાસ કરવા સુચન કરતા રાજકોટ ક્રાઈમ બ્રાંચની એક ટીમ આ મામલે તપાસમાં લાગી હતી અને અનાયા અને રીમાબેન બન્ને ઇન્દોર તરફ હોવાની માહિતીને આધારે ઈન્દોર ના બેતમાં પોલીસની મદદથી બન્નેને શોધી કાઢ્યા હતા. ક્રાઈમ બ્રાંચની તપાસ માં જાણવા મળ્યુ કે અનાયા અને રીમાબેન ગુમ થવામાં રીમાબેનના રાજકોટના એક મિત્રએ જ મદદ કરી હોય તેના ઉપર પોલીસે વોચ ગોઠવ્યા બાદ બન્ને ઇન્દોર તરફ હોવાની માહિતી મળી હતી. અનાયાને લઇ ગયેલી રીમાબેન જે કારમાં ગઈ હતી તે કાર રસ્તા માં મૂકી અન્ય કોઈ વાહનમાં ઈન્દોર પહોચી હતી રીમાબેનનું ભત્રીજીને લઈ ગુમ થવા પાછળનું સાચું કાર સહીતની માહિ-તી પોલીસ દ્વારા પ્રેસ કોન્ફરન્સમાં સતાવાર જાહેર કરશે.

# ગોંડલ પોલીસે પકડેલ વિદેશી દારૂની ૧૮૫૪૭ બોટલનો નાશ કરાયો

## એક કરોડના દારૂ પર ડીવાયએસપીની હાજરીમાં બૂલડોઝર ચલાવ્યું




**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ તાલુકા પોલીસે વિદેશી દારૂ ના મોટા જથ્થા નો નાશ કર્યો છે. શહેરના વોરા કોટડા રોડ પર આવેલ સરકારી ખરાબામાં ૧૮૫૦૦ થી વધુ દારૂ ની બોટલ નો નાશ કરવામાં આવ્યો.

તાલુકા પોલીસ સ્ટેશન ખાતે તાલુકાના વિવિધ વિસ્તારોમાં ૨૨ જેટલી કરવામાં આવેલ રેડ દરમ્યાન પકડાયેલ ઈંગ્લીશ દારૂના મોટા પ્રમાણના જથ્થાનો શહેર ના વોરકોટડા રોડ પર આવેલ ખુલ્લી જગ્યા માં નાશ કરવામાં આવ્યો હતો. તાલુકા પોલીસે ચાર મહિના દરમ્યાન પકડેલા ૧૮૫૪૭ વિદેશી દારૂ ની નાની -મોટી બોટલો આશરે ૧ કરોડ કિંમતની દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. દારૂ નાશ કરવાના સ્થળ પર પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. પ્રાંત અધિકારી રાહુલ ગમારા, કે.જી.ઝાલા તાલુકા પોલીસ ના એ.ડી. પરમાર, નશાબંધી અધિકારી પી.બી. હિંગરાજીયા,

તાલુકા પોલીસ સ્ટાફ ની હાજરીમાં દારૂના જથ્થાનો નાશ કરાયો હતો બુલડોઝર નાં તોતિંગ વ્હીલ દારૂની બોટલ પર ફરી વળતા દારૂની છોડો ઉડી હતી અને પ્યાસીઓના કંઠો સુકાયા હતા.

# રજીસ્ટ્રાર કચેરીમાં પાંચ વર્ષમાં 30 લાખથી વધુની કિંમતના થયેલા દસ્તાવેજો જપ્ત કરાયા

## ઝોન પાંચની સબ રજીસ્ટ્રાર કચેરીમાં મોડી રાત સુધી ચાલેલુ આવકવેરા વિભાગનું સર્ચ ઓપરેશન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં કદાચ પ્રથમ વખત ઈન્કમટેકસ દ્વારા કરોડો-અબજો રૂપિયાના મિલ્કત દસ્તાવેજોની નોંધણી કરતી સબ રજીસ્ટ્રાર કચેરીમાં સર્વે હાથ ધર્યો હતો. રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન-૫ માં સળંગ ૧૨ કલાક સુધી તપાસ કરીને છેલ્લા પાંચ વર્ષોના મિલ્કત દસ્તાવેજોનો ડેટા કબજે લેવામાં આવ્યો હતો. ટેકસચોરીની શંકાના આધારે થયેલી આ કાર્યવાહી બાદ હવે બિલ્ડરો પર તવાઈ ઉત્તરવાના ભણકારા છે..

રાજકોટમાં મિલ્કત દસ્તાવેજોની નોંધણી કરતી સબ રજીસ્ટ્રારની ડીસ્પેચ કોલેજ સ્થિત ઝોન-૫ ની કચેરી પર ઈન્કમટેકસની ટીમ ત્રાટકી હતી. બપોરથી શરૂ થયેલી તપાસ મધરાત સુધી ચાલુ રહી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે આવકવેરા અધિકારીઓની ટીમ દ્વારા ૨૦૨૦-૨૧થી પાંચ વર્ષના 30 લાખથી વધુની કિંમતના મિલ્કત દસ્તાવેજો ફંફોળવામાં આવ્યા હતા અને આ તમામ દસ્તાવેજોને ડેટા જમ કરીને સાથે લઈ ગયા હતા. ડેટા એન્ટ્રીની વિગતો પણ ચકાસવામાં આવી છે. અને કેટલીક વિસંગતતા વિશે પુછપાછ કરવામાં આવી હતી. મિલ્કત દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા

વિશે અધિકારીઓને મહત્વની તાકીદ કરવામાં આવી હતી.

સરકારે મિલ્કત વ્યવહારમાં બેનંબરી નાણાંની બોલબાલા તથા ટેકસચોરી અટકાવવા માટે ઘડેલા નિયમ સેઠળ 30 લાખથી વધુની મિલ્કતોના દસ્તાવેજોની વિગતો સબ રજીસ્ટ્રારે આવકવેશ વિભાગને આપવાનુ ફરજીયાત છે. દર ૩-૬ મહિને આ પ્રકારની વિગતો આપવી પડે છે. રાજકોટમાં કોરોનાકાળ બાદ પ્રોપર્ટી માર્કેટમાં જબરદસ્ત તેજી રહી હતી. મોટા ફલેટ-આવાસનો ટ્રેન્ડ શરૂ થયો હતો. કોરોનાથી ભયભીત થયેલા લોકો મોટા ફલેટમાં વસવાટ કરવાનું પસંદ કરવા લાગ્યા હતા.

સૂત્રોએ કહ્યુ કે રિયલ એસ્ટેટ ક્ષેત્રે ભાત્રે એકાદ વર્ષથી ટાઢોડુ હોય પરંતુ તે પુર્વે જોરદાર તેજી હતી. આવકવેશ વિભાગે છેલ્લા પાંચ વર્ષના મિલ્કત દસ્તાવેજોના ડેટા એકત્રીત કયાં હોવાનું સૂચક છે.

જાણકારોએ એમ કહ્યું કે રાજકોટની ઝોન-૫ સબ રજીસ્ટ્રાર કચેરીમાં તપાસ પણ ઘણો ગર્ભિત ઈશારો કરે છે. આ ઝોન હેઠળ નાનામવા-મોટામવા તથા વાજડી જેવા પોશ વિસ્તારો આવે છે અને ત્યાં જમીન-મકાન-ફ્લેટની કિંમત પણ ઘણી મોટી રહેતી હોય છે. આ વિસ્તારના મિલ્કત દસ્તાવેજોની તપાસ સૂચક છે.

ચોકકસ બાતમીના આધારે જ આવકવેરા વિભાગે આ કાર્યવાહી કરી હોવાનું સ્પષ્ટ છે તેના આધારે ટેકસચોરીના ખુલાસા શકય છે અને તે સંજોગોમાં આવતા દિવસોમાં બિલ્ડરો પર તવાઈ ઉતરી શકે છે. ફલાવરબેડ, કમ્પ્લીશન સહિતના અનેક મુદ્દાઓને કારણે પરેશાન બિલ્ડરલોબીમાં ઈન્કમટેક્સની આ કાર્યવાહીથી ખળભળાટ સર્જાયો છે. તપાસનો ઉદેશ જાણવા અનેકવિધ પ્રકારે પ્રયત્નો કરી રહ્યા છે. આવકવેરા તથા સબ રજીસ્ટ્રાર વિભાગના સૂત્રોએ એમ જણાવ્યું હતું કે મિલ્કત દસ્તાવેજોની પ્રક્રિયા વિશે પઃ પણી સાહ આપવામાં આવી હતી. એમ કહેવાય છે કે ઝોન-૫ બાદ ઈન્કમટેક્સ અન્ય ઝોન કચેરીઓમાં પત્ર સમાન ધોરણે તપાસ કરશે. રાજકોટમાં જુદી-જુદી ૧૦ સબ રજીસ્ટ્રાર કચેરી ૧૦ સબ રજીસ્ટ્રાર કચેરી છે.